RNI NO. GUJGUJ/2015/64872

SINCE - 1968

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-1 | Ahmedabad, Friday 05/08/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



કાશ્મીર ધરતી પરનું સ્વર્ગ ૨



''વિદ્યાર્થી-વાલીને જોડતી કડી 'શિક્ષક' ૩



ચતુર વાંદરાભાઈ ૪



પીંછા સાથેનું પક્ષી ૫



પાટાથી ૩ ઇંચ અદ્ધર રહી દોડતી ટ્રેન મેગ્લેવ ટ્રેન ૯



ત્રિપદા પરિવારની જગ્મી બાળરથયાત્રાની ઝલક ૧૨

# યાદગાર પ્રવચન "Don't Give up"

ઇંગ્લેન્ડની વિશ્વ વિખ્યાત ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં બાહોશ વડાપ્રધાન શ્રી ચર્ચિલે વિદ્યાર્થીઓ સમક્ષ કરેલું ટૂંકામાં ટૂંકું છતાં ભારે પ્રભાવી પ્રવચન કરેલુ. એ પ્રવચનના શબ્દો હતા "Don't Give up" કદાચ દુનિયાભરનાં આજ સુધીના પ્રવચનોમાં આ પ્રવચન સૌથી વધુ ટૂંકું અને સૌથી વધુ પ્રભાવક હશે. એ પ્રવચન ''યાદગાર પ્રવચન'' તરીકે ઈતિહાસમાં સ્થાન પામ્યું છે. આ પ્રેરક પ્રવચન એક જીવન સંદેશ આપે છે. મિત્રો, આ પ્રેરક પ્રવચન વાંચજો અને જરૂરથી વાગળજો, તો તમારા જીવનની દિશા મળી રહેશે. જીવન સંઘર્ષની કપરી પળોમાંથી પસાર થઈ રહેલાં આપણા વિદ્યાર્થીઓને પણ આ પ્રવચન એક નવી દિશા આપે છે. ત્રણ શબ્દોમાં આ પ્રવચનને નિરાશા અને હતાશાના મહાસાગરમાં આમથી તેમ ફંગોળાતાં લાખો વિદ્યાર્થી ભાઈ-બહેનોને નવી શક્તિ, નવું જોમ અને નવી દિશા આપેલી છે. અનેક ઓલવાતા દિવા આ પ્રવચનથી ઝબૂકતા થયા અને અનેક મૂરઝાતા જતા છોડવા સજીવન થયા. સાચો સંજીવની મંત્ર આ ગણાય. શબ્દ એ બ્રહ્મ છે અને તેમાં એવી તાકાત પડેલી હોય છે કે એવા શબ્દોથી જ મડદાં પણ બેઠાં થઈ જાય છે. ગાગરમાં સાગર ભરવો અને તાકવુંને તીર મારવું એ આનું નામ.

વાત એમ છે કે જીવન એ કુદરતની અણમોલ બક્ષિસ છે. અને જ્યારે આપણી પાસે આવી મોટી બક્ષિસ હોય ત્યારે ડરવાનું શા માટે ?

જીવન છે તો પ્રશ્નો છે. યાદ રાખો કે કોઈ પ્રશ્નો અને પડકારો જ જીવનરૂપી તલવારને ધાર કાઢે છે. પ્રશ્નો ન હોય તો વિકાસ પ્રક્રિયાને તાળું લાગી જાય છે. પલાયનવાદ એ નામર્દાઈની નિશાની છે. ભાગવાથી પ્રશ્નો વકરે છે અને ઊકેલ દૂર જતો જાય છે. પરિસ્થિતિનો મુકાબલો કરતાં શીખો, મિત્રો હિંમતથી ઝઝૂમો. જીવન જો સંગ્રામ છે તો તમે સંગ્રામસિંહ છો.

વિશ્વ વિજેતા બનવાનાં સ્વપ્નો સેવનાર એલેકઝાન્ડર, ધી ગ્રેટ (સિંકદર)ની ડિકશનેરીમાં (Imossible word) જ નથી. એવું કહેનાર નેપોલિયન બોનાપાર્ટ એ તમારી જેમ પૃથ્વી નામના ગ્રહના જ એ પ્રવાસી છે. નાની-મોટી તકલીફોથી ઊંચાનીચા થઈને પાણીપતનું મેદાન છોડનારને આ દુનિયા કાયરનું લેબલ લગાવે છે.

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. 'મેરુ તો ડગે પણ જેના મનડાં ન ડગે રે', પાનબાઈની જેમ મન ન ડગવું જોઈએ. ''મનકે હારે હાર હૈ, મન કે જીતે જીત.''

તમે ભણવાની ના પાડીને અને લડવાનો ઈન્કાર કરીને આ ભૂમિને કલંકિત ના કરશો. જીવનના ખેડાણ માટે વિદ્યાનું ખેડાણ અનિવાર્ય છે. વિદ્યાને કોઈ વાડા નથી ને જ્ઞાનને કોઈ સીમાડા નથી. આખું વિશ્વ એ આપણા માટે યુનિવર્સિટી છે. વિદ્યા સાથે કૌશલ્યો નહીં કેળવવાં હોય તો વિદ્યા પાંગળી બની જશે.

એલેકઝાન્ડર ડ્યુમા કહે છે કે ''કોઈનું કામ કોઈ એક દિવસે પૂરું થઈ જાય છે. પરંતુ કોઈનું શિક્ષણ ક્યારેય પૂરું થતું નથી.'' એ યજ્ઞની જેમ નિરંતર ચાલવું જોઈએ. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે સાચું જ કહ્યું છે : જો તમે શિષ્યત્વ કે છાત્રભાવ જાળવી રાખશો તો છત્રપતિ પણ બની શકશો. માટે શીખતા રહો. તે બસ શીખતા રહો.

જાણીતા લેખક વિચારક પીટર ડ્રૂકની વાત યાદ રાખવા જેવી છે. સમય એ દુર્લભ સંપત્તિ છે. અને તેનું જો યોગ્ય મેનેજમેન્ટ કરવામાં ન આવે તો કશાયનું પણ યોગ્ય સંચાલન થશે નહીં.'' જે સમય સાચવે છે તેની જિંદગી સચવાઈ જાય છે. જો જાણતા નહીં રહો તો સમય બાયપાસ કરીને જતો રહેશે. જાણીતા વિચારક સ્ટલીંગ સીલીકેટના શબ્દો જોઈએ 'સમય સૌથી વધુ મૂલ્યવાન વસ્તુ છે. તો હું કોઈને પણ ચોરવા દઈશ નહીં.'

વિચારક ઈમર્સન પણ એ જ વાત કહે છે : જે સમય વેડફે છે તે જીવન વેડફે છે. જીવન એ નાની-નાની ક્ષણોનો સરવાળો છે. ઊમાશંકર જોષીએ એક સરસ વાત જણાવી છે કે ''ભણવાની શરૂઆત ગમે ત્યારે કરી શકાય છે.''


નિરાશા અને હતાશા તો કાયરની પાસે જ ટકે. નિરાશા તો ઊભેલાને પણ પછાડે છે. જ્યારે આશા સૂતેલાને પણ જગાડે છે. જો જાગત હૈ સો પાવત હૈ, જે સોવત હૈ વો ખોવત હૈ.

વિપતે નવ વલખીએ, ઉદ્યમ વિપત્તિને ખાય.

આદિ શંકરાચાર્યે જીવને જાણ્યું, સ્વામી વિવેકાનંદે જીવનને ઉજાળ્યું, મહાત્મા ગાંધીએ જીવનને સફળ કર્યું. આ બધાના જીવન સંદેશ જાણો ઉદ્યોગોના પિતામહ શ્રી જમશેદજી તાતા, રિલાયન્સના સ્વપ્ન દ્રષ્ટા ધીરુભાઈ અંબાણી, પોલાર કિંગ મિત્તલજી, નિરમાના નિર્માતા ડૉ. કે.કે. પટેલ આ બધાએ કંઈક કરી બતાવ્યું. આ મહાન વ્યક્તિઓ પણ તમારી જેમ બે હાથ – પગ અને મસ્તક સાથે જન્મ્યા હતાં. ફેર એટલો જ કે બધા અડગ મનનાં માનવી હતા. જે કામ એમણે હાથ ઉપર લીધું તે કામ તેમણે જુદી જુદી રીતે કરી બતાવ્યું. Winners don't do different things, they do things differently. મિત્રો આપણે પણ કંઈક જુદી રીતે કરી બતાવીએ.

મિત્રો, એક સ્વપ્ન લઈને ચાલો, કેમકે પરણજો અંતરમાં હશે તો પાંગરીને કદી પુષ્પ થશે. આ પરણજ સ્વપ્ન છે. આયોજન, પુરુષાર્થ અને દિશા આ સ્વપ્નને સાકાર કરશે. "Don't expect something fornoting" કશું કર્યા વગર કંઈક મળી જાય એવી આશા રાખતા નહીં સફળતા ક્યારેય એકાદ મુકામનું નામ ન હેી શકે. સફળતા એક ખેલ છે. તે જેટલીવાર વધારે ખેલશો એટલી જ વધારે વારં જીતશે.

અને જેટલી વાર વધારે ખેલશો એટલી જ વધારે વાર જીતશો અને જેટલી વાર વધારે જીતશો એટલી જ વધારે સફળતાથી તમે એને ખેલી શકશો. જિંદગીની કોઈ નિશ્ચિત વ્યાયા નથી, એને કેવી રીતે બનાવવી એ તમારા હાથની વાત છે. તમારા જીવન ઈમારતના મુખ્ય સ્થાપિત તમે પોતે છો. જીવનની કેટકેટલી વ્યાખ્યાઓ છે. મહાયત્તં ત પોરુષમ્ – પુરુષાર્થ એ મારા હાથની વાત છે. પ્રાર્થનામાં જોડાયેલા બે હાથ કરતાં પુરુષાર્થ કરતા બે હાથ ઈશ્વરને વધુ ગમે છે. તીરે ઊભેલાને તમાશો જોવા મળે એટલું જ બાકી એમની જિંદગી ખુદ એક તમાશો બની જવાની. કવિ શ્રી નર્મદના શબ્દોમાં કહીએ તો, યા હોમ કરીને પડો ફતેહ છે આગે.



મિત્રો, આ જીવન સંગ્રામમાં તમારી સ્થિતિ ભગવદ્ગીતાના અર્જુન જેવી છે. ચોમેર અંધકાર છે આવી કરુણાજનક સ્થિતિમાંથી બહાર આવવાનું કામ આપ સૌનું છે.

અમને નાખો જિંદગીની આગમાં ફેરવીશું આગને પણ બાગમાં સર કરીશું આખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં.



**સથવારા નિમિષા**
આચાર્ય

## આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી થઇ રહેલા ગૂનાઓ – પડકારો સામે સુસજ્જ માનવબળ ગુજરાતની રક્ષાશકિત યુનિવર્સિટી પૂરૂં પાડશે – મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે દેશ અને દુનિયામાં ટેક્નોલોજીના ઉપયોગથી થઈ રહેલા આધુનિક ગૂનાઓ-સાયબર ક્રાઈમના પડકારો ઉકેલવા કુશળ માનવબળ ગુજરાતની રક્ષાશક્તિ યુનિવર્સિટીના અભ્યાસક્રમો પૂરા પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર જિલ્લાના લવાડ ગામે ૨૩૦ એકરમાં આકાર પામનારી રક્ષાશક્તિના ભવનનો શિલાન્યાસ કર્યો હતો.

તેમણે કહ્યું કે ૨૦૧૦માં સ્થપાયેલી આ યુનિવર્સિટીએ ૬ વર્ષના ટૂંકાગાળામાં સરાહનીય પ્રગતિ કરીને આંતરીક સુરક્ષા ક્ષેત્રે સુસજ્જ માનવ સંશાધન નિર્માણનો નવો અભિગમ સર્જ્યો છે.

રક્ષાશક્તિ યુનિવર્સિટીનું આ ભવન ૧૮ માસમાં પૂરૂં થશે અને પૂર્ણતઃ ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટથી સજ્જ હશે તેમ તેમણે જણાવ્યું હતું.


ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ, બી.એ.- સિક્યોરીટી મેનેજમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરીટી, સાયબર સિક્યોરીટી જેવા પોસ્ટ ગ્રેજ્યુએટ અને પી.એચ.ડી. જેવા અભ્યાસક્રમો દ્વારા યુવાનોને શિક્ષણ દ્વારા સજ્જ કરવાનું કામ રક્ષાશક્તિ યુનિવર્સિટી કરી રહી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી.

દેશની આ સૌ પ્રથમ યુનિવર્સિટી ભવિષ્યમાં નવા કોર્ષ શરૂ કરી દેશની અગ્રેસર યુનિવર્સિટી બની રહે તેવી આશા પણ મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે શરૂ કરેલી ચિલ્ડ્રન યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ જેવી યુનિવર્સિટીઓની સ્થાપનાનો લાભ રાજ્ય અને દેશનાં વિદ્યાર્થીઓને મળી રહ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ શ્રી પી. કે.તનેજા અને પોલીસ મહાનિર્દેશક શ્રી પી.પી. પાંડે એ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતું કે, રક્ષાના વિષયમાં જ્ઞાન પ્રાપ્ત કરવા આ યુનિવર્સિટી પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપશે. રક્ષાશક્તિ યુનિવર્સિટી માટે રાજ્ય સરકારે વિશાળ જગ્યા ફાળવી છે. ત્યારે જળ સંરક્ષણ –પર્યાવરણીય સંરક્ષણની સમસ્યાઓનું ધ્યાન રાખીને આંતરીક સુરક્ષા જેવી ખૂબજ મહત્વની જવાબદારી અદા કરવામાં યુનિવર્સિટી મહત્વનું યોગદાન આપશે. તેમજ રાજ્ય સરકારના પોલીસ ડિપાર્ટમેન્ટ, કાયદો, ક્રિમીનલ લોઝ, ફોરેન્સીક સાયન્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ ટેલીકોમ્યુનિકેશન જેવા ક્ષેત્રોમાં પોલીસી અંગેના મહત્વના નિર્ણયોમાં મદદરૂપ થવાનું કાર્ય કરશે.

# કાશ્મીર ધરતી પરનું સ્વર્ગ



કાશ્મીર ભારતીય ઉપખંડના ઉત્તર છેડે આવેલો પ્રદેશ છે. તે ભારતનો જમ્મુ કાશ્મીર રાજ્યનો એક ભાગ છે. તેની ઉત્તરે પાકિસ્તાન, અફઘાનિસ્તાન તથા ચીન, પશ્ચિમે પાકિસ્તાન, પૂર્વમાં લદાખ પ્રદેશ તથા દક્ષિણમાં જમ્મુ આવેલાં છે. રાજનૈતિક વિવાદોને કારણે ઘણીવાર આખા જમ્મુ કાશ્મીર રાજ્યોને લોકો (ખાસ કરીને વિદેશમાં) કાશ્મીર કહે છે. કાશ્મીરનો મુખ્ય ભાગ કાશ્મીર ખીણ છે. તે ચારે બાજુ હિમાચ્છાદીત પર્વતોથી ઘેરાયેલો છે. કાશ્મીર ખીણનો આ પ્રદેશ અત્યંત નયનરમ્ય છે, અને કાશ્મીર તેનો કુદરતી સૌંદર્ય માટે દુનિયાભરમાં જાણીતું છે. કવિઓએ કાશ્મીરને પૃથ્વી પરનું સ્વર્ગ કહીને નવાજ્યું છે.

કાશ્મીર ભારતીય ઉપમહાદ્વીપનો એક ભાગ છે જેના અલગ-અલગ ભાગો પર ભારત તથા પાકિસ્તાનનું આધિપત્ય છે. ભારતીય કાશ્મીર જમ્મુ અને કાશ્મીર પ્રદેશનો એક ખંડ છે. પાકિસ્તાન તેના પર ભારતનો અધિકાર નથી માનતુ તેને પોતાનું બનાવી લેવા માગે છે. કાશ્મીર એક મુસ્લિમ બહુલ પ્રદેશ છે. આજે તે આતંકવાદ સામે ઝઝૂમી રહ્યો છે. તેની મુખ્ય ભાષા કાશ્મીરી છે.

જમ્મુ અને કાશ્મીરના બાકી બે ખંડ છે. જમ્મુ અને લદાખ પાકિસ્તાન શાસિત રાજ્યના બે બીજા ખંડ છે. સુમાલી પ્રદેશ અને કહેવાતુ આઝાદ કાશ્મીર. ચીનના શાસન નીચે લદાખનો અક્સાઈ ચીન પ્રદેશ આવે છે.

આ સુંદર ભૂભાગ(ભુમી) મુખ્યત્વે ઝેલમ નદીના ઘાટીમાં આવેલો છે. ભારતીય કાશ્મીર ઘાટીમાં ૬ જિલ્લા છે. શ્રીનગર, બડગામ, અનંતનાગ, પુલવામા, બારામુલા અને કુપવાડા કાશ્મીર હિમાલયના પર્વતીય ક્ષેત્રનો ભાગ છે. જમ્મુ ખંડથી અને પાકિસ્તાનથી તેને પીર-પાંજાલ પર્વત ક્ષેણી લાગુ કરે છે. અહીં ઘણા સુંદર સરોવર છે, જેમ કેડલ દાલ, વુલર અને નગીન. અહીંનુ હવામાન ગરમીમાં ખુશનૂમા અને ઠંડીમાં બર્ફીલું હોય છે. આ પ્રદેશને ધરતીનું સ્વર્ગ કહેવાય છે. એક નહીં કેટલાય કવિઓએ વારંવાર કહ્યું છે કેઃ

આ ધરતી પર જો સ્વર્ગ છે તો, એ અહી જ છે અહીં જ છે

ભારતની આઝાદીના સમયે કાશ્મીર ઘાટીમાં લગભગ ૧૫ટકા લોકો હિંદુ હતા અને બાકીના મુસલમાન હતા. આતંકવાદ શરૂ થયા પછી હાલમાં કાશ્મીર માં ફક્ત ૪ટકા હિંદુ હયાત છે, એટલે કે ઘાટીમાં ૯૬ટકા મુસ્લિમ બહુમત છે. કાશ્મીરીના લોકો દેખાવમાં ખૂબસૂરત હોય છે. લાંબુ કદ, ગોરી ત્વચા અને ભૂરી આંખો. કાશ્મીરીના લોકો અતિથિના આદર સત્કાર માટે મશહૂર છે.

શ્રીનગર જમ્મુ અને કાશ્મીર રાજ્યની ગ્રીષ્મકાલીન રાજધાની છે. આ શહેર અને તેના આસ-પાસના ક્ષેત્ર એક જમાનામાં દુનિયાના સૌથી ખૂબસૂરત પર્યટન સ્થળ તરીકે જાણીતા હતા જેમ કે દાલ સરોવર, શાલિમાર અને નિશાત બાગ, ગુલર્મગ, પહલગામ, ચશ્માશાહી, આદિ. અહી હિન્દી સિનેમાની ઘણી ફિલ્મોનું શૂટિંગ થતું હતું. એવું માનવામાં આવે છે કે શ્રીનગરની હજરત બલ મસ્જિદમાં હજરત મુહમ્મદની દાઢીનો એક વાળ રાખવામાં આવ્યો છે. શ્રીનગરમાં શંકરાચાર્ય પર્વત છે. જ્યાં હિંદુ ધર્મસુધારક અને અદ્વૈત વેદાંતના પ્રતિપાદક આદિ શંકરાચાર્ય સર્વજ્ઞાનપીઠના આસન પર વિરાજમાન થયા હતા. દાલ સરોવર અને ઝેલમ નદી (સંસ્કૃતઃ વિતસ્તા, કાશ્મીરીઃ વ્યથ)માં પરીવહન માટે, ફરવા તેમજ ખરીદારી કરવા માટે શિકારા નામની ખાસ હોડીઓ વપરાય છે. કમના ફૂલોથી સુષોભિત આ દાલ સરોવર પર હોડીઓમાં બનાવેલા ખાસ ઘર હોય છે જે હાઉસબોટ કહેવાય છે. ઈતિહાસકાર માને છે કે શ્રીનગરને મોર્ય સમ્રાટ અશોક દ્વારા વસાવ્યુ હતું.

**ડલ ઝીલ મેં એક શિકારા**

શ્રીનગરથી નજીક માં એક પ્રાચિન માર્તણ્ડ (સૂર્ય) મંદિર છે. અને કુઔર અનેર અનંતનાગ જિલ્લામાં શિવને સમર્પિત અમરનાથની ગુફા છે. જ્યાં હજારો તીથયાત્રીઓ જાય છે. શ્રીનગરથી ૩૦ કિલોમીટર દૂર મુસ્લિમ સૂફી સંત શેખ નુરૂદ્દિન વલીની દરગાહ ચરાર-એ-શરીફ છે. જેને કેટલાક વર્ષ પહેલા ઈસ્લામી આતંકવાદીયો એ સળગાવી દીધી હતી, પરંતુ ત્યાર બાદ તેનું સમારકામ કરવામાં આવ્યું છે.



# દક્ષિણ અમેરીકા







દક્ષિણ અમેરિકા દક્ષિણ ગોળાર્ધનો ઉપખંડ છે. દક્ષિણ અમેરીકા એટલાન્ટીક મહાસાગર અને પ્રશાંત મહાસાગર વચ્ચે આવેલો છે. દક્ષિણ અમેરિકા ક્ષેત્રફળ અને વસ્તીની દ્રષ્ટીએ ચોથો ઉપખંડ છે. દક્ષિણ અમેરિકાને ખંડ કહેવો કે ઉપખંડ કહેવો તેના માટે લોકોનો મતભેદ છે.

આર્કીમીડીઝે દર્શાવ્યું કે ગોળાનું ક્ષેત્રફળ અને ઘનફળ એ આસપાસની નળાકાર સપાટી ના ક્ષેત્રફળ અને ઘનફળ ના ૨-૩ જેટલું થાય છે.

સપાટીના ક્ષેત્રફળ માટેનું સૌથી મૂળભૂત સૂત્ર સપાટીને કાપી અને તેને સમતલ બનાવીને મેળવી શકાય છે. ઉદાહરણ તરીકે, એક નળાકારની બાજુની સપાટીને લંબાઈ અનુસાર કાપી અને ચતુષ્કોણ રૂપે સમથળ કરવામાં આવે, તેવી જ રીતે શંકુ ને બાજુની સપાટી અનુસાર કાપી, અને જો તેને વર્તુળના ભાગ રૂપે સમથળ કરવામાં આવે અને પરિણામ સ્વરૂપ વિસ્તારની ગણતરી કરાય.


ગોળાની સપાટીના ક્ષેત્રફળનું સૂત્ર બહુ અઘરૂ છે. કારણ કે ગોળાની સપાટી અશૂન્ય હોવાથી (Gaussian curvature) તે સમતલ થઈ શકતી નથી. આકિમિડિઝે તેના કામમાં પહેલીવાર ગોળાની સપાટીનું ક્ષેત્રફળનું સૂત્ર મેળવ્યું.

દક્ષિણ અમેરિકી દેશો અને પરાધીન વિસ્તારો અંગે તેમની રાજધાની, સત્તાવાર ભાષાઓ, ચલણ, વસ્તી, કુલ વિસ્તાર અને જીડીપી પર કેપિટા પીપીપીની માહિતી આપેલ છે. આ ૧૩ દેશો અને એક પરાધીન વિસ્તારોની યાદી યુનાઈટેડનેશન આધારિત છે. દક્ષિણ અમેરિકાની પશ્ચિમે પેસિફિક મહાસાગર આવેલો છે. અને પૂર્વે તથા ઉતરે એટલાન્ટિક મહાસાગર આવેલો છે. ઉતર અમેરિકા અને કેરેબિયન સમુદ્ર ઉતર પૂર્વમાં સ્થિત છે. દક્ષિણ અમેરિકાનો કુલ વિસ્તાર આશરે ૧,૭૮,૪૦,૦૦૦ ચો. કિ.મી. (૬૮,૯૦,૦૦૦ ચો. માઈલ) અથવા દુનિયાના કુલ વિસ્તારનો લગભગ ૩.૫ છે. ૨૦૦૮માં ધ વર્લ્ડ ફેક્ટબુક મુજબ તેની વસ્તી ૩૮,૦૦,૦૦,૦૦૦ થી વધુ છે. બધા જ ખંડોમાં વિસ્તારની દ્રષ્ટીએ દક્ષિણ અમેરિકા ચોથા ક્રમાંકે આવે છે અને વસ્તીની દ્રષ્ટીએ પાચમાં ક્રમાંકે આવે છે.

ઉતર અને દક્ષિણ અમેરિકા ખંડની સીમા સ્પષ્ટ નથી. આ સીમા ઈસ્ટુમસ ઓફ પનામામાં આવેલી છે જો કે પનામાને ઉતર અમેરિકાનો ભાગ ગણવામાં આવે છે.

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# ''વિદ્યાર્થી-વાલીને જોડતી કડી 'શિક્ષક'




લેખનું શીર્ષક ''વિદ્યાર્થી-વાલીને જોડતી કડી 'શિક્ષક' રાખવા પાછળનો મુખ્ય ઉદ્દેશ શિક્ષક અને શિક્ષણને ખરા અર્થમાં ઉજાગર કરવાનો છે. આપણો સમાજ શિસ્ત માટે, સુસંસ્કારો માટે, જીવનના મૂલ્યો માટે શિક્ષક તરફ જ મીટ માંડીને બેઠો છે અને જ્યારે જ્યારે કંઈ નિષેધક ઘટનાઓ બને છે ત્યારે શિક્ષક અને શિક્ષણ વ્યવસ્થાને જવાબદાર ગણે છે. પરંતુ મૂલ્ય શિક્ષણ કે સંસ્કારોના સંદર્ભે વાલી અને વિદ્યાર્થીઓ પણ સમાન રીતે જોડાયેલા નથી શું ? વિદ્યાર્થીના ઉત્તમ ચારિત્ર્યનું ઘડતર કરવા માટે તેનામાં નિષ્ઠા, પ્રામાણિકતા, માનવતા, નિર્ભયતાના ગુણો વિકસે એ માટે એક શિક્ષકે જ નહીં પરંતુ વાલી અને વિદ્યાર્થીએ સક્રિયપણે સહિયારા પ્રયાસો કરવાની આવશ્યકતા છે. દોષારોપણની રમતો છોડી વિદ્યાર્થી એક સંનિષ્ઠ નાગરિક તરીકે સમાજમાં ઊભો રહી શકે તેવા વ્યક્તિત્વનું ઘડતર કરવા બધાએ સાથે મળીને વિધાયક પગલાં લેવાં જરૂરી છે.

**ક્યાં ખોવાયું બાળપણ**

માતા-પિતાનો વધારે પડતો સ્નેહ અને વધારે પડતું રક્ષણ બાળકનાં વિકાસમાં અવરોધરૂપ બની રહ્યું છે. તો બીજી તરફ મા-બાપની વધારે પડતી અપેક્ષા બાળક પર થોપવામાં આવે છે અથવા તો મા-બાપ પોતાના અધુરા સ્વપ્નો પૂરા કરવાનું સાધન પોતાના બાળકને બનાવી દે છે. મા-બાપનાં આવા વલણથી અંતે નુકસાન બાળકને થાય છે. આજે પ્રથમ નંબર મેળવવાની રેસમાં બાળકના જન્મતાની સાથે જ વાલીઓ સારી શૈક્ષણિક સંસ્થાઓની શોધમાં લાગી જાય છે. બે કે અઢી વર્ષની ઉંમરે પ્લે-હાઉસ અને ત્રણ વર્ષની ઉંમરે નોટ-પેન પકડાવી દેતા વાલીઓ પ્રત્યે ગુસ્સો અને દયાનાં મિશ્રભાવો અનુભવાય છે. બાળકો પાસેથી એનું સુંદર બાળપણ છીનવી લેવાનો અપરાધ એના જ મા-બાપ કરે છે !!! આ કેવો અન્યાય ? શિક્ષણ માટેની આ કેવી દોડ ? ? ? મહાકવિ ગેટે કહે છે કે બાળક જેટલી શક્તિઓ લઈને જન્મે છે એનો વિકાસ જો એ જ રીતે થાય તો આ જગત પ્રતિભાઓથી ભરાઈ જાય. પરંતુ આજે પ્રિ-પ્રાયમરીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માતા-પિતા પણ પોતાના બાળકોનો વર્ગમાં કેટલામો નંબર અને એને કેટલું શૈક્ષણિક જ્ઞાન મેળવ્યું છે તેની જ તુલના કરતાં રહે છે. હદ તો ત્યારે થાય છે કે આવા નાના-નાના ભૂલકાંઓને શાળા ઉપરાંત ટ્યુશનમાં પણ મોકલવાનું શરૂ કરી દે છે. અને શરૂ થાય છે એક વિનાશ લીલા !! બાળપણની અલૌલિક સૃષ્ટિ સાથેનો નાતો કે જ્યાં બાળક વરસાદનાં બિંદુને હાથમાં ઝીલી આપણને કુતૂહલથી બતાવે, ધૂળમાં નહાતી ચકલીઓ તરફ આંગળી ચીંધી એ પણ નાચવા લાગે, ખીલેલા ફુલોને સ્પર્શીને વિસ્મયથી નિહાળે, પાણીનાં છબછબિયાંને માટીનાં રમકડાં, પક્ષીઓના કલરવ સાંભળીને તથા ચાંદા મામાને આકાશમાં લપાતા-છુપાતા જોઈને બાળકની આંખોમાં વ્યક્ત થતું આશ્ચર્ય, તેનું નિર્મળ, નિર્દોષ હાસ્ય અને વિસ્મયનો સાગર બધું જ અદ્રશ્ય થઈ રહ્યું છે. મા-બાપ પોતાની અપેક્ષાની પૂર્તિ માટે બાળકને અનાયાસે જ રેસનો ઘોડો બનાવી દે છે. બાળકની ઈચ્છા, અપેક્ષા, રસ, રૂચિને જાણ્યા વિના એના પર ભણતરનો ભાર થોપવામાં આવે છે. પરિણામ સ્વરૂપ એની શક્તિઓ કુંઠીત થઈ જાય છે. માતા-પિતાની આજ્ઞાને શિરોમાન્ય ગણી શરૂઆતમાં સારું પરિણામ લાવતું બાળક પણ સમય જતાં શિક્ષણની રેસમાં પાછળ રહેતું જાય છે. કારણ કે અહીં એની ઈચ્છા કે વૃત્તિને કોઈ સમજવાનો પ્રયાસ નથી કરતું, માનવ મટીને એ યંત્ર માનવ બની જાય છે. માતા-પિતા સારી શાળામાં ભણાવે છે, સારા ટ્યુશન કલાસીસમાં મોકલ છે. ક્યારેક તો બેથી ત્રણ ટ્યુશનો રાખવામાં આવે છે. આખો દિવસ માત્ર ભણતર-ભણતર અને ભણતર પરંતુ પરિણામ શૂન્ય. વિદ્યાર્થી ભણવામાં ખૂબ વ્યસ્ત હોવા છતાં ધાર્યું પરિણામ નથી લાવતો. આ માટે ? પ્રખ્યાત ચિંતક થોરોનું એક વાક્ય છે કે "Its not enough to be busy. The question is : What are we busy about ? એટલે કે માત્ર વ્યસ્ત રહેવું જ પૂરતું નથી. પરંતુ આપણે ક્યાં કામ માટે વ્યસ્ત છીએ એ જરૂરી છે. જે કામમાં અભિરૂચી ન હોય પરંતુ તમારા પર થોપવામાં આવ્યું હોય તેમાં ૨૪ કલાક વ્યસ્ત રહેશો છતાં સફળતા ક્યારેય નહીં મળે એ સ્વાભાવિક છે.

**જાગો મા-બાપ જાગો**

આપનું બાળક શાળામાં પ્રથમ નંબરે પાસ થાય તો જ એને શિક્ષિત કહી શકાય એ ભ્રમમાંથી બહાર નીકળો. ઈતિહાસનાં પાના ઉથલાવો તો એવા કેટલાય રાજા મળશે જે ભણ્યા ન હતા પરંતુ એના ક્ષેત્રમાં મહાન હતાં. પરમ પૂ. મોરારિબાપૂ કે જેની શૈક્ષણિક કારકીર્દિ જ્વલંત ન હતી છતાંય આજે લોકોનાં હૃદયમાં સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. ધંધાની જ વાત કરીએ તો ધીરુભાઈ અંબાણી અને અન્ય ઘણાના નામ આપી શકાય કે જેની શૈક્ષણિક કારકિર્દીનો ફાળો તેમની સફળતામાં નહીવત છે. બિલગેટ્સને એમની કોલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યાં હતાં. મહાન વૈજ્ઞાનિક રામાનુજનને ગણિત સિવાયનાં બધાં જ વિષયમાં અનેકવાર નાપાસ થવાથી શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા હતાં. આ નામનું લીસ્ટ તો ખૂબ મોટું છે પરંતુ અહીં વાલીશ્રીને કહેવાનું એટલું જ છે કે બાળકરૂપી કૂમળા છોડને જતનથી સાચવો, ખૂબ સ્નેહનું સિંચન કરો પરંતુ એનો વિકાસ કરવાની મોકળાશ એને આપો. જીવનભર આંગળી પકડીને એને ચલાવાતું નથી. એને એની મેળે ચાલવા દો. બસ ધ્યાન એટલું રાખવાનું છે કે એ ડગમગી જાય ત્યારે એને પડવા નથી દેવાનું એને પ્રેમથી સંભાળી લેવાનું છે. પરંતુ ચાલવાનું તો એકલાએ જ હોય. મા-બાપનાં વધારે પડતા લાડ કે વધારે પડતી સંભાળ એને પરતંત્ર કે પરવશ બનાવી દે છે. તો બીજી તરફ મા-બાપની વધુ પડતી અપેક્ષા બાળકની પ્રતિભાને કુઠીત કરી નાંખે છે. મા-બાપ અને શિક્ષકોની વિદ્યાર્થી માટેની ફરજ એટલી જ છે કે એને એવું વાતાવરણ પૂરું પાડે કે જેથી વિદ્યાર્થીની પ્રતિભા ખીલી ઊઠે, તેનામાં રહેલી નવી ક્ષમતાઓ વિકસે બધું જ એને તૈયાર પીરસીને પરવશ ના કરો. પરંતુ અમુક સંઘર્ષો જીવનને ઘડે છે, બાળકમાં રહેલી શક્તિઓને ઉજાગર કરે છે. એક સુંદર નાનકડી વાર્તાનો સાર કંઈક આવો જ છે.

એક માણસ એક કોશેટો ઘરે લઈ આવ્યો. કોશેટામાંથી પતંગિયું કેમ બને એ એને જોવું હતું. થોડા દિવસ બાદ કોશેટામાંથી એક છિદ્ર વાટે પતંગિયું પોતાના શરીરને બહાર લાવવા સંઘર્ષ કરી રહ્યું છે. ઘણીવાર સુધી પતંગિયાને બહાર નીકળવા માટે મહેનત કરતું જોઈ તે માણસને દયા આવે છે. તે કોશેટાને કાળજીથી કાપી પતંગિયાને બહાર કાઢે છે. પણ પતંગિયાનું શરીર એકદમ નબળું અને ક્ષીણ હોય છે. જો કે પેલા માણસને તો એમ જ થાય છે કે હમણાં પતંગિયું ઉડવા લાગશે. પરંતુ પતંગિયું ઊડી શકતું નથી અને બાકીનું જીવન જમીન પર ચીમળાયેલી પાંખો સાથે ઢસડાયા કરે છે. પેલો માણસ દયા દાખવવાની ઉતાવળમાં સમજ્યો નહીં કે નાનાકડાં છિદ્ર વાટે બહાર આવવા માટે પતંગિયાએ સંઘર્ષ કરવો જરૂરી હતો એ સંઘર્ષ દરમ્યાન એના શરીરમાંથી જે પ્રવાહી પાંખમાં ધકેલાય એનાથી એને શક્તિ મળે અને ઉડ્ડયન કરવા સક્ષમ બને પરંતુ પેલા માણસની મદદે તેને જીવનભર પંગુ બનાવી દીધું. યાદ રાખો કે બાળકની પણ વધારે પડતી કાળજી લેવાથી તે પંગુ બની શકે છે. થોડો ઘણો અવરોધ, થોડોક સંઘર્ષ બાળકમાં રહેલી પ્રતિભાને ખીલવવામાં આશીર્વાદ સમાન હોય છે. વિપરીત સંજોગોમાં જ બાળક નવો માર્ગ કંડારે અને પડકારોને પ્રગતિનાં પગથિયા બનાવી સફળતાના શિખરો સર કરે છે.

**પાલક બનો, માલિક નહીં**

વિદ્યાર્થીને માતા-પિતા અને શિક્ષકોનાં માર્ગદર્શન અને હૂંફની જરૂર છે. ટાઢી બોળ સલાહો, સૂચનો આજ્ઞાઓ અને નિયમોમાં એને બાંધો નહીં. બાળક ઈશ્વરનો અંશ છે. એ તમારા દ્વારા આ પૃથ્વી પર જન્મ્યું છે. તમે એના પાલક બનો, માલિક નહીં. એના મનગમતા ક્ષેત્રમાં એની કારકિર્દી ઘડવાનો મોકો આપો. બધા જ વ્યક્તિઓ ડૉક્ટર, પ્રોફેસર, એન્જીનિયર કે વકીલ નથી બની શકતા. એની અભિરૂચી મુજબ એના જીવનને જીવવાનો અવસર આપો. કદાચ ત્યાં પૈસા થોડા ઓછા મળશે, પણ જીવનનું સુખ વધુ હશે. હંમેશા સફળતાને પૈસાની સાથે જ શા માટે સરખાવવી જોઈએ ? સુખનો સીધો સંબંધ તો સંતોષ સાથે છે.

**ભૌતિક સમૃદ્ધિની દોડ**

ભૌતિક સંપત્તિ અને સગવડ મેળવવાની દોડમાં માણસ એક એવા ચક્રવ્યૂહમાં ફસાઈ જાય છે કે ઇચ્છિત વસ્તુઓ હંમેશા એની પહોંચની બહાર જ રહે છે. જેની પાસે સાઇકલ છે એને સ્કૂટર જોઈએ છે, સ્કૂટર છે તેને બાઈક, બાઈક છે તેને ગાડી, ગાડી છે તેને બંગલા.......ઈચ્છાઓનો અંત જ નથી.

તમારી આસપાસ ઈચ્છાઓનો વર્તુળો રચાતા જ જશે અને ઈચ્છીત વસ્તુ હંમેશા પહોંચની બહાર જ રહેશે !!! શું આપણી જિંદગીનો મતલબ ભૌતિક વસ્તુઓ અને ભૌતિક સમૃદ્ધિ મેળવવાની દોડ માત્ર છે ? હા, વિદ્યાર્થી હોંશિયાર હોય, સારા નંબરે પાસ થાય, સારી નોકરી મેળવે, સારી આવક મેળવે અને સારું જીવન એ બધા જ માતા-પિતા અને શિક્ષકો ઈચ્છે જ છે. પરંતુ ઉચ્ચત્તમ ધ્યેય સુધી પહોંચવાની કાર્યક્ષમતા બધા જ વિદ્યાર્થીઓ પાસે નથી હોતી. ત્યારે એને એ દોડમાં પરાણે સામેલ કરવામાં આવે તો એ અટવાય છે, ફસાય છે અને અંતે ઢસડાય છે.

**હું કોણ છું ?**

શિક્ષણકની ફરજ છે કે વાલી-વિદ્યાર્થીઓ વચ્ચે મધ્યસ્થી બની બન્ને પક્ષને સમજાવે વિદ્યાર્થીની અભિરૂચી અને કાર્યક્ષમતા જોઈને એના ધ્યેયો નક્કી કરવા જોઈએ. જીવનનો મૂળભૂત અર્થ તો પ્રેમ, આનંદ અને શાંતિ મેળવવાનો છે પણ આ જે દંભી સમાજમાં વ્યક્તિ લોકોની દ્રષ્ટિએ સારા બની રહેવાની, લોકોની દ્રષ્ટિએ સફળ બની રહેવાની, મથામણમાં પોતાની સહજતા ખોઈ બેસે છે. 'હું કોણ છું ?' અને 'હું શું ઈચ્છું છું ?' આ બે પ્રશ્નો પ્રત્યેક વિદ્યાર્થી પોતાની જાતને પૂછી શકે એટલી મોકળાશ આપો નહીં તો તે તમારી ઈચ્છાઓનો ભાર વહન કરતાં કરતાં થાકી જશે અને અંતે આટલી ભાગદોડ પછી એના જીવનની ફલશ્રુતિ શું હશે ? તમે જાણો છો ? તમારી નજરમાં પોતાની સારી ઈમેજ જાળવતા-જાળવતા ખુદની આઈડેન્ટીટી જ ખોઈ બેસશે !!! શિક્ષણનો અર્થ શું છે ? શિક્ષણ દ્વારા વ્યક્તિ પોતાની સાચી ઓળખ મેળવે નહીં કે વ્યક્તિ પોતાની ઓળખ જ ખોઈ બેસે.

**આજની બ્લાન્ડ જનરેશન**

સમયની સાથે શિક્ષણ પોતાનું કલેવર બદલી રહ્યું છે ત્યારે પરિવર્તનના આ યુગમાં સમાજ શિક્ષણ તરફ અપેક્ષિત મીટ માંડી રહ્યો છે. શિક્ષણ પ્રત્યે આજે પણ લોકોમાં વિશ્વાસ અડગ છે. વિદ્યાર્થીઓ માટે તો શિક્ષકનું વાક્ય એટલે બ્રહ્મવાક્ય હોય છે. માતા-પિતા કરતાં શિક્ષકની વાત વિદ્યાર્થી મોટેભાગે માને છે અન્યની નજરમાં શિક્ષક તરીકેનુ પોતાનું મૂલ્ય જળવાઈ રહે એ માટે શિક્ષકે પણ સજ્જ રહેવું જ જોઈએ. શિક્ષક મૂલ્યનિષ્ઠ હોય, કાબેલ હોય એ પૂરતું નથી. એનામાં ધૈર્ય હોવું ખૂબ આવશ્યક છે કારણ કે આધુનિક જનરેશનને કેળવવા માટે અપાર ધીરજ હોવી જરૂરી છે. લેખક કાંતિ ભટ્ટ આજની જનરેશનને ૨૧મી સદીની બ્લાન્ડ જનરેશન કહે છે. કારણ કે આજનાં યુવાનો પાસે કોઈ ચોક્કસ ટેસ્ટ કે પસંદગી નથી. સેલિયા બ્રેયફિલ્ડે લખ્યું છે કે આજના સમયમાં એક જબ્બર બ્લાન્ડ જનરેશન ઊભી થઈ છે. એ લોકો પાસે મૌલિક વિચારો નથી.

કોઈ સારા પુસ્તકોનું વાંચન નથી. આજનાં વિદ્યાર્થીઓ પાસે જો કોઈ માહિતી છે તો તે બોલીવૂડ અને હોલીવુડનું રજેરજનું જ્ઞાન છે. દેશની સામાજિક-આર્થિક પરિસ્થિતિ કેવી છે કે રાજકારણ કેમ ચાલી રહ્યું છે એની એને ખબર નથી પરંતુ ઐશ્વર્યા રાય કે કેટરીના કૈફની ગોસિપમાં રચ્યા પચ્યા રહે છે. મોર્ડન ફેશન, શોપિંગ મોલ, મેક્ડોનાલ્ડ્ઝ, વિડીયોગેમ, ઈન્ટરનેટનું આંધળું અનુકરણ અને આવી જ બધી બાબતોમાં એ સતત અટવાયેલા રહે છે.

એનું કોઈ ચોક્કસ ધ્યેય જ નથી કે જ્યાં શિક્ષક એને પ્રેરણા આપીને આગળ વધવામાં મદદરૂપ બને. કાન્તીભટ્ટ તો ત્યાં સુધી લખે છે કે ''આ જનરેશન પ્રેમ, પ્રેમ અને પ્રેમની લવારી કરે છે. 'આઈ લવ યુ'નું વાક્ય તો આપણી માતા 'જય શ્રી કૃષ્ણ' બોલે તેમ લાગે છે.' ઘણી વખત તો જોવા મળે છે કે આજની પ્રજા ને સમાજ, માતા-પિતા કે શિક્ષકો કોઈની સાથે લગાવ નથી. આજે જેને બીપીએલ કહેવાય છે તેવા બાપના પૈસે લીલા લહેર કરતી પ્રજા વિના લાઈસન્સ ગાડીઓ દોડાવે છે. નિયમો તોડવાને જ જે પોતાની બહાદુરી ગણે છે. આવી પ્રજાને સાચવવાનું, સંભાળવાનું, ભણાવવાનું અને સાચી દિશા બતાવવાનું કપરામાં કપરું કામ એક શિક્ષકે કરવાનું છે. માટે જ શિક્ષકમાં ધૈર્ય જરૂરી છે.

**શિક્ષકનું કર્મ**

જે છે તે આ છે એ સ્વીકારીને વિદ્યાર્થીનાં જીવન ઘડતર માટે વાલી-વિદ્યાર્થીને જોડતી સુંદર કડી બનવાનું સૌભાગ્ય શિક્ષકને મળ્યું છે. એક વસ્તુ ચોક્કસ છે કે જન્મથી પ્રત્યેક બાળક શુદ્ધ આત્મા સ્વરૂપે જન્મે છે અને એ શુદ્ધ આત્મા પર લાગેલી આધુનિક જીવનશૈલી રૂપી ધૂળ શિક્ષકે ખંખેરવાની છે. માતા-પિતા હંમેશા પોતાનાં બાળકમાં સુસંસ્કારોના જ બીજ વાવે છે. જે મા-બાપ કદાચ ખોટા કાર્ય કરતા હોય એ પણ હંમેશા ઈચ્છે છે કે પોતાનું બાળક સદમાર્ગ અને સદવર્તન અપનાવે. એટલે કે બાળકમાં બીજ તો હંમેશા સુસંસ્કારોનું જ રોપવામાં આવે છે. જેમ ખેડૂત ખેતરમાં બીજ તો અનાજનું જ રોપશે. છતાંય અન્ય ઘાસ વચ્ચે-વચ્ચે ઊગી નીકળે છે એમ બાળકમાં પણ ઈર્ષા, રાગ, દ્વેષ, ક્રૂરતા, જૂઠાણું, દંભ જેવા વધારાનાં કુસંસ્કારો વાતાવરણમાંથી આવે છે અને ઊગી નીકળે છે. હવે શિક્ષકે ખેડૂતનું કાર્ય કરવાનું છે. સુસંસ્કારોના બીજને પોષણ અને સિંચન કરવાનું છે કે જેથી એ છોડ મોટો બને, વિકસે અને કુસંસ્કારોના બીજનું ખેડૂતની માફક વધારાનું ઘાસ ગણી નિંદામણ કરવાનું છે. હા, માતા-પિતાને વિદ્યાર્થીનાં અયોગ્ય વર્તન માટે જાણ કરવાની ફરજ શિક્ષકની છે પરંતુ એને જવાબદાર ના ઠેરવવા જોઈએ, કારણ કે કોઈ માતા-પિતા ક્યારેય એવું નથી ઈચ્છતા કે પોતાનું બાળક શાળામાં જઈ આવા કુસંસ્કારો ભરેલા ગેરવર્તનો કરે.

અહીં વિદ્યાર્થીના યોગ્ય વિકાસ માટે વાલી અને શિક્ષક વચ્ચે સુસંવાદ સ્થપાય એ આવશ્યક છે. શિક્ષકે વાલીની સાથે વાત કરતી વખતે વિદ્યાર્થીનાં ગેરવર્તનનો ગુસ્સો ના ઠાલવવો જોઈએ પરંતુ શાંતિથી પરિસ્થિતિ વિશે એને વાકેફ કરવા જોઈએ અને વાલીઓએ પણ વસ્તુસ્થિતિને સમજીને પોતાના બાળકની ભૂલોને છાવરવાની કોશિશ ન કરવી જોઈએ. શિક્ષકે એક બાબત હંમેશા યાદ રાખવી જોઈએ કે આજનો દિવસ પૂરો થયો તો આજે થયેલા વર્તનો-ગેરવર્તનો તેના માટેની સજા, દંડ બધું જ આજે પૂરું. આવતી કાલે નવો દિવસ વર્ગનાં તમામ વિદ્યાર્થીઓને એક દ્રષ્ટિથી જોવા અને મૂલવવાથી શરૂ કરવો. જૂની ભૂલોને યાદ કરીને એક જ વિદ્યાર્થીને વારંવાર ગૂનેગાર ના ઠેરાવવો જોઈએ. એને વર્તનમાં પરિવર્તન લાવવાનો મોકો આપો. માણસ એટલે સતત થતા પરિવર્તનોનો સરવાળો તો પછી આ બ્લાન્ડ જનરેશન પણ બદલી શકે છે. કારણ કે એની અંદર ક્યાંક શુદ્ધ સ્વરૂપે આત્મા વિરાજમાન છે. કેટલાંક બીજ વાવ્યા પછી તુરંત ઊગી નીકળે છે અને કેટલાક બીજને અંકુરીત થતા સમય લાગે છે. સાચો શિક્ષક એ છે કે ધીરજપૂર્વક એ બીજને પોષણ અને સિંચન કર્યા જ કરે. શિક્ષકની એટલી જ ફરજ છે કે સુસંસ્કારોનાં બીજને ઉછેરે, સુવિકસિત કરે. પછી એ છોડમાં કેવા ફૂલ કે ફળ થશે તે પ્રત્યેક છોડની નિજતાને આભારી છે.



શ્રી ગૌરાંગ કે. દેસાઈ

જેની પાસે ધૈર્ય છે અને જે મહેનતથી ગભરાતો નથી: સફળતા તેની દાસી છે. - દયાનંદ સરસ્વતી



# ચતુર વાંદરાભાઈ




એકવાર એક શિકારી શિકારની શોધમાં જંગલમાં ફરતો હતો. ત્યારે તેણે એક ઝાડ નીચે વાંદરાના એક નાના બચ્ચાને કોઈ પીડાને કારણે એકલું દુઃખમાં હોય એવું બેઠેલું જોયું અને શિકારીએ તે બચ્ચાંને ઉંચકીને જોયું તો તે બચ્ચાંનો એક પગ ઈજાને કારણે લટકતો જોયો.




શિકારી તો તે વાંદરાના બચ્ચાને પોતાને ઘેર લઈ આવ્યો અને તેને દૂધ પીવડાવ્યું. દરરોજ તેની કાળજી લેવા લાગ્યો.





શિકારી તેને જેક ના નામથી બોલાવવા લાગ્યો અને ધીરે ધીરે જેક તો સ્વસ્થ અને સાજો થવા લાગ્યો. ઘરમાં બીજા પ્રાણીઓ અને બચ્ચાંઓની સાથે હળીમળીને ખેલકૂદ કરીને મોટો થવા લાગ્યો.




દિવસો વીતતા ગયા તેમ તેમ જેક વધુ મોટો અને એટલો તંદુરસ્ત થઈ ગયો કે તે જાતે સ્કેટીંગ પણ કરવા લાગ્યો.




હવે તો જેકને સાયકલ ચલાવતા પણ આવડી ગઈ અને તે તેના મિત્રો બતક અને મોર વગેરેની વચ્ચે રમવા લાગ્યો. સાયકલ પણ ઝડપથી સાવચેતીથી ચલાવવા લાગ્યો.




જેકભાઈ તો મોટા થઈને હવે પોતાની મોટર બાઈકમાં તેના ઘરમાં બીજા સભ્યો જેને તે ભાઈ અને બહેન સમજતો તેમને પણ સવારી કરાવી ફરવા લઈ જવા લાગ્યો. જેક બધાની વચ્ચે ખૂબ ખુશ રહેવા લાગ્યો.




જેક ફળિયાના મિત્રો સાથે બાસ્કેટ બોલની રમત ખૂબ સુંદર રીતે રમતો.મિત્રોને પણ તેની સાથે રમત રમવાની મઝા આવતી. જેક ધીરે ધીરે હોંશિયાર અને ચતુર બનવા લાગ્યો.




જેક હવે તેના પાલક પિતા સમાન શિકારીભાઈને નિયમિત મદદ પણ કરવા લાગ્યો અને બગીચામાં છોડને પાણી પાવા લાગ્યો.




હવે તો જેક બજારમાં અન્ય કામો પણ જેવાં કે હોંશિયારીપૂર્વક ખરીદી વગેરે કરીને પોતાના પિતાનું દિલ જીતવા લાગ્યો. પિતાના કામમાં મદદ કરવા લાગ્યો.




હવે તો જેક સૌની સાથે હળીમળીને ખુશીથી અને મોજથી રહેવા લાગ્યો.

# વૈદિક ગણિત

***વાચક મિત્રો***
***વૈદિક ગણિતની લેખમાળામાં આપણે બે લેખનો આનંદ ઉઠાવ્યો આ લેખમાં બે આંકડાની સંખ્યાઓના વર્ગ કરવા માટેની વિવિધ પદ્ધતિનો અભ્યાસ કરીશું કેમ ખરૂં ને ? અને હા, આગામી લેખમાં હજુ ક્રમિક રીતે જટિલ પદ્ધતિઓનો અભ્યાસ કરવાનો છે તો તૈયાર રહેજો.***

**એકમનો અંક ૫ હોય તેવી સંખ્યાઓના વર્ગ કરવા**

જે સંખ્યાના એકમના અંકમાં ૫ હો તેવી સંખ્યાનો વર્ગ ખૂબ જ સરળ પદ્ધતિથી કરી શકાય. સૌ પ્રથમ જમણી બાજુ ૨૫ લખી દેવા ત્યારબાદ દશકમાં રહેલી સંખ્યાને તેના પછીની ક્રમિક આવતી સંખ્યા વડે ગુણી ડાબી બાજુ મુકવાથી જવાબ મળશે.

દા.ત. (૧) (૪૫)$^2$ માટે પ્રથમ જમણી બાજુ ૨૫ લખો ત્યારબાદ ૪ને તેના પછીની ક્રમિક સંખ્યા ૫ વડે ગુણો અને તે ડાબી બાજુ લખો આથી જવાબ ૨૦૨૫ થાય.


(૨) (૧૨૫)$^2$ આ માટે ૧૨ને ૧૩ વડે ગુણો ૧૨x૧૩ = ૧૫૬ આથી જવાબ ૧૫૬૨૫ જવાબ થશે.

**૧૦૦ની નજીકની સંખ્યાઓના વર્ગ કરવા**

**૧૦૦ની નજીકની સંખ્યાઓના વર્ગ ખૂબ જ સરળ પદ્ધતિથી કરી શકાય છે. આ માટે નીચે દર્શાવેલ ઉદાહરણો જુઓ.**

ઉદા. (૧) (૯૮)$^2$ અહીં ૯૮ એ ૧૦૦થી ૨ અંતરે છે આથી ૯૮-૨ = ૯૬ કરવા ત્યારબાદ જેટલું અંતર હોય તેનો વર્ગ કરી પાસે મુકવાથી જવાબ મળશે. **૯૬૦૪**

ઉદા. (૨) (૯૪)$^2$ અહીં ૯૪એ ૧૦૦થી ૬ અંતરે છે આથી ૯૪ – ૬ = ૮૮ કરવા ત્યારબાદ જેટલું અંતર હોય તેનો વર્ગ કરી પાસે મુકવાથી જવાબ મળશે **૮૮૩૬.**



**૫૦ની નજીકની સંખ્યાઓના વર્ગ કરવા**

**૫૦ની નીજકની સંખ્યાઓના વર્ગ કરવા માટે નીચેના ઉદાહરણો ખૂબ જ શાંતિથી જુઓ અને પરિણામ મેળવો.**

ઉદા. (૧) (૪૮)$^2$ અહીં ૪૮ અને ૫૦થી ૨ અંતરે છે આથી ૪૮ – ૨ = ૪૬ કરી તેના અડધા ૨૩ લખવા ત્યારબાદ ૨ અંતર ૪ હોવાથી ૨નો વર્ગ ૦૪ તેની બાજુમાં મુકવો. આથી જવાબ **૨૩૦૪** થાય.

ઉદા.૨ (૪૪)$^2$ અહીં ૪૪ એ ૫૦ થી ૬ અંતરે છે આથી ૪૪-૬=૩૮ કરીને તેના અડધા ૧૯ લખવા ત્યારબાદ ૬ અંતર હોવાથી ૬નો વર્ગ ૩૬ તેની બાજુમાં મુકવો. આથી જવાબ **૧૯૩૬**.

**બે આંકડાંની સંખ્યા જેનો એકમનો અંક ૯ હોય તેનો વર્ગ કરવો.**

**જો બે આંકડાની સંખ્યાનો એકમનો અંક ૯ હોય તો પ્રથમ તેના પછીની સંખ્યાનો વર્ગ કરી તેમાંથી પછીની સંખ્યાના બમણા બાદ કરી તેનો એક ઉમેરવાથી પરિણામ મળશે.**

ઉદા. (૧) (૨૯)$^2$ અહીં ૨૯ બાદની સંખ્યા ૩૦નો વર્ગ ૯૦૦ તથા તેમાંથી ૩૦x૨ = ૬૦ બાક કરી ૧ ઉમેરતા જવાબ **૮૪૧** મળશે ખરુને ને ?

**(નોંધ : આ પદ્ધતિ ત્રણ આંકડા કે વધુ માટે પણ સાચી જ છે વિચારો ? ?)**

**બે આંકડાની સંખ્યા જેનો એકમનો અંક ૧ હોય તેનો વર્ગ કરવો**

**બે આંકડાની સંખ્યાનો એકમનો અંક ૧ હોય તેના વર્ગ માટે સૌ પ્રથમ તેની આગળની સંખ્યાનો વર્ગ કરવો ત્યારબાદ તેમાં મૂળ સંખ્યા તથા આગળની સંખ્યાનો સરવાળો ઉમેરવાથી જવાબ મળશે.**

ઉદા. (૧) (૨૧)$^2$ અહીં ૨૧ની આગળની સંખ્યા ૨૦નો વર્ગ ૪૦૦ તથા તેમાંથી ૨૦ + ૨૧ = ૪૧ ઉમેરતા જવાબ મળશે. આથી જવાબ ૪૪૧ થાય. (નોંધ : આ પદ્ધતિ ત્રણ આંકડા કે વધુ માટે પણ સાચી જ છે વિચારો ? ?)



**બે આંકડાની કોઈપણ સંખ્યાનો વર્ગ કરવો**

**બે આંકડાની કોઈપણ સંખ્યાનો વર્ગ નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ**


ઉદા. (૧) (૪૮)$^2$
અહીં બન્ને અંકોના વર્ગ કરી પાસ પાસે લખો.
**૧૬૬૪**
ત્યારબાદ બન્ને અંકોને ૨ વડે ગુણી પાછળ
**૬૪૦**
શૂન્ય મૂકો અને ઉપરના પરિણામમાં ઉમેરવાથી
જવાબ **૨૩૦૪**
ઉમેરવાથી જવાબ મળશે. (૨ **x** ૪ **x** ૮ = ૬૪)



**ડો. અતુલ વ્યાસ**
**શિક્ષણશાસ્ત્રી, રાજકોટ**

# પીંછા સાથેનું પક્ષી





**પીંછા સાથેનું પક્ષી બનાવવા માટે તમારે શેની જરૂર પડશે અને કેવી રીતે તે બનાવશું. ચાલો જાણીએ**

**પીંછા સાથેનું પક્ષી બનાવવા માટેની સામગ્રી**

- પક્ષીનો નમૂનો
- આર્ટ પેપર
- પીછાઓ (હસ્તકલા સ્ટોર્સમાં હોય તે)
- ગુંદર
- નાની ટાંકણી
- સુંદર આંખ
- કાતર

**કેવી રીતે બનાવશો તમારું પક્ષી**

- પક્ષીના નમૂનાને આર્ટ પેપર પર દોરો અને તેને કાપી લો. પાંખોના ટુકડા પણ કાપી લો.
- પાંખોના ટુકડા પર અને પૂંછડી પર ગુંદરથી પીંછાઓ ચોંટાડો.
- સુંદર આંખ, ચાંચ અને પગ પર ગુંદર લગાવી ચોંટાડો.
- નાની ટાંકણીનો ઉપયોગ કરી પક્ષીનાં દરેક ભાગ તેના શરીર સાથે લગાવો ટાંકણીની મદદથી બંન્ને બાજુ પાંખ લાઇનઅપ થાય તેવી રીતે લગાવો.
- પાંખને પક્ષીના પીઠ ઉપર લગાવો.
- પક્ષીની પાંખો હલી શકે તેમ રહેશે. જેથી તે ઊડે છે તેવું લાગશે.

# ગાર્લિક બ્રેડ

**સામગ્રી**

ચાર સ્લાઇસ બ્રેડ (મોટી)
ચાર કળી લસણ-વાટેલું મીઠું,
મરી સ્વાદ પ્રમાણે,
બે ગ્રામ બટર

**રીત**

- બટરમાં વાટેલું લસણ તથા મીઠું અને મરી મિક્સ કરી લેવા. (બટર વધારે ખાતા હો તો બ્રેડની સ્લાઇસ પર જરૂરી બટર લગાડીને) આ પેસ્ટ પ્રમાણે લગાડવી ટોસ્ટેડ સેન્ડવીચની જેમ બ્રેડની સ્લાઇસ ભેગી કરી શેકી લેવી. આમ બ્રેડની સ્લાઇસ ઉપર પેસ્ટ લગાડી ગ્રીલ પણ કરી શકાય.
- કેટલાક લોકો ટોસ્ટ બનાવી, આવી પેસ્ટ લગાવી જરાક ગ્રીલ પણ કરીને ખાય છે. આવી પેસ્ટ લગાડેલી સ્લાઇસ (નાના) ઓવનમાં પણ ટોસ્ટ (શેકી) કરી વાપરી શકાય.



# યોગ-૨

## ભુજંગાસન

**આ આસનમાં શરીરની આકૃતિ ફન ઉઠાવેલા સર્પ જેવી બને છે, તેથી આને ભુજંગાસન કે સર્પાસન કહેવાય છે.**

**વિધિઃ—**
ઊંધા થઈને પેટના બળે ઊંધી જાવ. એડી-પંજા ભેગા થયેલા મૂકો. દાઢી જમીન પર અડેલી રાખો. કોણી કમરને અડીને હથેળીઓ ઉપરની તરફ.

હવે ધીરે ધીરે હાથને કોણી તરફથી વાળીને લાવો અને હથેળીઓને બાજુઓની નીચે મૂકો. પછી દાઢીને ગરદનમાં દબાવીને માથું જમીન પર ટેકવો. ફરી નાકને જમીન પર થોડું અડાડીને માથાને આકાશ તરફ ઉઠાવો. માથું અને છાતીને જેટલું પાછળ લઈ જઈ શકો છો લઈ જાવ. પરંતુ નાભિને જમીન પર રાખો.


**લાભઃ-** આ આસનથી કરોડરજ્જુ મજબૂત થાય છે. આ આસનથી પેટની ચરબી ઓછી થાય છે. વય વધવાને કારણે પેટની નીચેના ભાગની નસોને ઢીલી થતી અટકાવવામાં મદદ મળે છે. આનાથી બાજુઓને તાકત મળે છે. પીઠમાં આવેલ ઈડા અને પિંગલા નાડીઓ પર સારો પ્રભાવ પડે છે. ખાસ કરીને મગજમાંથી નીકળતા જ્ઞાનતંતુઓ બળવાન બને છે. પીઠના હાડકાની દરેક અડચણો દૂર થાય છે. ગેસ દૂર થાય છે.



# ચિત્રકલા




**દિગવિજન વી. બરાડ**
વિરમગામ




**પટેલ ખુશી નયનભાઈ**
ધોરણ ૬, ત્રિપદા હાઇ સ્કુલ, અમદાવાદ




**રૂઝેબ ભાનુ**
ધોરણ ૭, ન્યુ સમર્થ સ્કુલ



**શ્રી પટેલ**
ધોરણ ૪, દિલ્હી પબ્લીક સ્કુલ, ગાંધીનગર



**સિદ્ધાર્થ**
ધોરણ ૩, ધ રોઝરી સ્કુલ, અમદાવાદ



**ઠક્કર અનલ કે.**



# જો જો પાછા હસતા નહી

## ચા !

તન, મન ઝૂમી ઊઠે
એવી ચા પીવડાવ !
કસ્ટમર : એવી ચા
પીડવાવ જેને પીને તન
મન ઝૂમી ઉઠે,
શરીર લહેરાવા માંડે
અને દિલ મચલી જાય.
**વેઈટરઃ** સર ! અમારી
ત્યાં ભેંસનું દૂધ આવે છે,
નાગણનું નહીં !






## નટુ - ગટુ

**નટુ :** મારી મમ્મીને નવી નવી વાનગીઓ બહુ ભાવે.
**ગટુ :** એમ ? આજે જમવામાં શું બનાવ્યું હતું ?
**નટુ :** એમ તો જમવાનું અમે હોટેલમાં જ રાખીએ છીએ.

## બંતા - સંતા

**બંતાઃ** અરે સંતા, આ ટ્યુબલાઈટની સામે મોઢું ફાડીને શું કરી રહ્યો છે ?
**સંતા :** અરે ચાર ડોક્ટરે આજે ડીનરમાં લાઈટ ખાવાનું કહ્યું છે.

## VERY FAST !

એક વખત એક જાપાનીઝ ભારત દર્શને આવ્યો, અને એક ટેક્ષી કરી......
રસ્તામાં ફૂલ સ્પીડે TOYOTA કારે ઓવરટેક કર્યું.
જાપાનીઝ : TOYOTA – Made in JAPAN ! very fast !
થોડીવાર પછી એક Mitsubishi કારે ઓવરટેક કર્યું.....
જાપાનીઝ : Mitsubishi Made in JAPAN ! very fast !
હવે જાપાનીઝ ને ઉતારવાનું સ્થળ આવી ગયું એટલે ટેક્ષી ડ્રાઇવરે મીટર જોઈને કહ્યું : ૮૦૦ rupees
જાપાનીઝ : its too much
ટેક્ષી ડ્રાઇવર : Meter, made in India, very fast !

# મહાનુભાવ
## સ્વતંત્ર ભારતના ઘડવૈયા

**૧૫ ઓગષ્ટ એટલે આપણો સ્વાતંત્ર્ય દિન. ભારતને અંગ્રેજોના શાસનમાંથી મુક્ત કરાવવામાં ઘણાં લડવૈયાઓએ પોતાનું લોહી વહાવ્યું હતું. એમાં મંગલ પાંડે પણ આવી જાય, તાત્યા ટોપે પણ આવી જાય અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પણ આવી જાય. આવા તો ઘણાં નામો છે – શહીદ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુભાષચંદ્ર બોઝ, બાળ ગંગાધર તિલક વગેરે વગેરે......આજે આપણે એવી કેટલીક વિભૂતિઓને યાદ કરીએ જેમણે આપણને આઝાદીની ભેટ આપી.**



### ડો. એની બેસન્ટ
ડો. એની બેસન્ટ વિદેશી હતા. ભારત તરફના પ્રેમથી ખેંચાઈને તેઓ ભારત આવ્યા હતા. એની બેસન્ટનો જન્મ ૧ ઓક્ટોબર, ૧૮૪૭ના રોજ લંડનમાં થયો હતો. ૧૮૯૩માં તેઓ ભારત આવીને વસ્યા હતા. તેઓ મહાત્મા ગાંધીના અનુયાયી હતા. ન્યુ ઇન્ડિયા નામનું સમાચારપત્ર તેમણે શરૂ કર્યું હતું જેણે આઝાદીની ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ૧૯૩૩માં તેઓ મૃત્યુ પામ્યા હતાં.



### ભુલાભાઈ દેસાઈ
ભુલાભાઈ દેસાઈનો જન્મ ૧૩ ઓક્ટોબર, ૧૮૭૭ના રોજ વલસાડમાં થયો હતો. વ્યવસાયે તેઓ વકીલ અને રાજકારણી હતા. બ્રિટીશ સરકારની ખેડૂત વિરોધી નીતિઓને વાચા આપવામાં ભુલાભાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. અસહકારની ચળવળમાં મહાત્મા ગાંધી, સરદાર પટેલની સાથે ભુલાભાઈએ આ સત્યાગ્રહની આગેવાની લીધી હતી. તેઓ ૬ મે, ૧૯૪૬ના રોજ મૃત્યુ પામ્યા હતા.



### ગોપાલકૃષ્ણ ગોખલે
ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મ ૯ મે, ૧૮૬૬ના રોજ મહારાષ્ટ્રમાં થયો હતો. સામાજિક ઉદ્ધારક તરીકે તેમની ગણના કરવામાં આવે છે.



### સરોજિની નાયડૂ
સરોજિની નાયડૂ (જન્મ-૧૮૭૯, મૃત્યુ-૧૯૪૯), ધ નાઇટિંગલ ઓફ ઇન્ડિયા સરોજિની નાયડૂ ન તો માત્ર કવિયિત્રી હતા બલ્કે અનન્ય સ્વતંત્રતા સેનાની પણ હતા. સરોજીની નાયડૂએ મહાત્મા ગાંધી સાથે સમગ્ર જીવન અંગ્રેજોનો વિરોધ કર્યો હતો. ભારત છોડો આંદોલનના સમયે તે જેલમાં પણ ગયા હતા. તો કોંગ્રેસના પ્રથમ મહિલા અધ્યક્ષ બનવાનો શ્રેય પણ તેઓના નામે જ છે.



### સુચેતા કુપલાણી
સુચેતા કુપલાણી (જન્મ-૧૯૦૮, મૃત્યુ-૧૯૭૪), સુચેતા કુપલાણીએ વગર હથિયારે અંગ્રેજોને જીવન ભર પરેશાન કરી મુક્યા હતા. સુચેતા કુપલાણી હરહંમેશ ગાંધીજી સાથે રહ્યા હતા. તેઓ ભારત છોડો આંદોલનમાં પણ જોડાયા હતા. આઝાદી બાદ તેઓ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પણ બન્યા હતા.




### વિજય લક્ષ્મી પંડિત
વિજય લક્ષ્મી પંડિત (જન્મ-૧૯૦૦, મૃત્યુ-૧૯૯૦), દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂની બહેન વિજય લક્ષ્મી પંડિતે અંગ્રેજોને હિંમતથી સામનો કર્યો હતો. તેણી રાણી લક્ષ્મીબાઈ અને સરોજીની નાયડૂથી પ્રભાવિત થયા હતા. વિજય લક્ષ્મી પંડિતે અસહયોગ આંદોલનમાં ભાગ લીધો હતો. વિજય લક્ષ્મી પંડિતે સતત આઝાદીની ધૂણી ધખાવી હતી અને દેશની આઝાદી બાદ ઘણા મહત્ત્વપૂર્ણ હોદ્દાઓની જવાબદારી નિભાવી હતી.



### બિપીનચંદ્ર પાલ
આઝાદ ભારતના ઘડવૈયાઓમાં લાલ બાલ અને પાલની ત્રિપુટી જાણીતી છે. લાલ એટલે લાલા લજપત રાય, બાલ એટલે બાલ ગંગાધર તિલક અને પાલ એટલે બિપીનચંદ્ર પાલ. બિપીન ચંદ્ર પાલ પત્રકાર, સમાજસુધારક, શિક્ષક અને સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમણે ભારતના લોકોમાં આઝાદીની લહેરખી જગાવવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી. રાજા રામ મોહન રાય, કેશવ ચંદ્ર સેન, મહર્ષિ અરવિંદો ઘોષ અને રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાનુભાવોના સ્વતંત્ર્યતાને લગતા વિચારો અને તેમનાં કાર્યો પાલ જનસમૂહ સુધી પહોંચાડવાનું કામ કરતા હતા. પરિદર્શક, ન્યુ ઈન્ડિયા, વંદે માતરમ્ જેવાં મુખપત્રો તેમના દ્વારા શરૂ કરવામાં આવ્યા હતા. રાજકારણ ક્ષેત્રે સક્રિય રહેનારા એવા પાલ ૨૦ મે, ૧૯૩૨ના રોજ મૃત્યુ પામ્યા હતાં.



### બિધાનચંદ્ર રોય
ભારતમાં તબીબી ક્ષેત્રમાં બિધાન ચંદ્ર રોયનું નામ ખૂબ આદર અને માન સાથે લેવામાં આવે છે. અંગ્રેજોની અત્યાચારી અને દમનભરી નીતિ વચ્ચે નર્કાગાર જેવું જીવન જીવી રહેલી ગરીબ પ્રજાના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે બી.સી. રોયે તબીબી ક્ષેત્રે ખૂબ સરસ અને નોંધપાત્ર કામ કર્યું હતું. તેમનું માનવું હતું કે જો ભારતને આઝાદી મેળવવી હશે તો લોકોએ માનસિક અને શારીરિક રીતે તંદુરસ્ત રહેવું પડશે. ૧ જુલાઈ, ૧૮૮૨ના રોજ પટનામાં જન્મેલા બિધાન ચંદ્ર રોયને ભારતરત્નથી નવાજવામાં આવ્યા હતાં. ૧ જુલાઈ, ૧૯૬૨ના રોજ તેઓ મૃત્યુ પામ્યા હતાં.



### ચક્રવર્તી રાજગોપાલાચારી
સી. રાજગોપાલાચારી ભારતના પહેલા ગવર્નર જનરલ હતા. ભારતરત્ન રાજગોપાલાચારી સફળ વહીવટવર્તા અને કુશળ રાજકારણી હતા. 'મૃત્યુપર્યંત તેઓ રાજકારણ ક્ષેત્રે સક્રિય રહ્યા હતાં. ભારતના બંધારણમાં જરૂરી મૂલ્યોને સૂચવનારા રાજગોપાલાચારીનો જન્મ ૧૦ ડિસેમ્બર, ૧૮૭૮ના રોજ તમિલનાડુમાં થયો હતો. સત્તામાં ન હોય છતાં પણ અમેરિકન રાષ્ટ્રપ્રમુખનું વ્હાઈટ હાઉસની મુલાકાત માટે આમંત્રણ મેળવનારા તેઓ પહેલા નાગરિક હતા. ૧૯૭૨માં ટૂંકી બીમારી બાદ તેઓ મૃત્યુ પામ્યા હતા.



### રામ મનોહર લોહિયા
રામ મનોહર લોહિયાનો જન્મ ૨૩ માર્ચ, ૧૯૧૦ના રોજ થયો હતો. તેઓ રાજકારણ ક્ષેત્રે સક્રિય હતા. ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ પક્ષની નવી શાખા ઓલ ઇન્ડિયા કોંગ્રેસ સમિટીની સ્થાપના કરી હતી. શિક્ષણ ક્ષેત્રે તેમણે મહત્ત્વના ફેરફાર હાથ ધર્યા હતા. ખેડૂતોના પ્રશ્નોને વાચા આપતી હિંદ કિસાન પંચાયતની સ્થાપના તેમણે કરી હતી. આ ઉપરાંત જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઈ પટેલ, વીર સાવરકર, સરોજિની નાયડુ, વિજયા લક્ષ્મી પંડિત, ઝાંસીની રાણી, તાત્યા ટોપે, ડો. ઝાકિર હુસૈન, ખાન અબ્દુલ ગફાર ખાન, સર્વપલ્લી રાધાક્રિષ્નન, રાજેન્દ્રપ્રસાદ, લાલા લજપતરાય અને લાલ બહાદુર શાસ્ત્રી જેવી ઘણી મહાન વિભૂતિઓનો સમાવેશ થાય છે.




### લક્ષ્મી સહગલ
લક્ષ્મી સહગલ (જન્મ-૨૪ ઓક્ટોબર, ૧૯૧૪, મૃત્યુ-જુલાઈ ૨૦૧૨), ભારતના સ્વતંત્રતા સંગ્રામની એક હિંમતવાન સેનાની તેઓ આઝાદ હિન્દ ફોજના અધિકારી હતા તથા આઝાદ હિંન્દ સરકારમાં મહિલા બાબતોના મંત્રી હતા. તેઓ વ્યવસાયે ડોક્ટર હતા. બીજા વિશ્વ યુદ્ધ સમયે તેઓ લાઇમ લાઇટમાં આવ્યા હતા. બીજા વિશ્વ યુદ્ધ વખતે જ્યારે જાપાની સેનાએ સિંગાપુરમાં બ્રિટીશ સેના પર હુમલો કર્યો તો લક્ષ્મી સહગલ સુભાષ ચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજમાં જોડાયા હતા. તેઓ આઝાદ હિન્દ ફોજના રાણી લક્ષ્મી રેજીમેન્ટના કમાન્ડર હતા. તેઓ ૧૯૪૩માં આઝાદ હિન્દ સરકારની કેબિનેટમાં પ્રથમ મહિલા સભ્ય હતા. આઝાદ હિન્દ ફોજની હાર બાદ બ્રિટીશ સેનાએ સ્વતંત્રતા સૈનિકોની ધરપકડ કરી અને ૪થી માર્ચ ૧૯૪૬માં તે પકડાયા અને બાદમાં તેમને છોડી દેવાયા હતા. લક્ષ્મી સેહગલે ૧૯૪૭માં કર્નલ પ્રેમકુમાર સહગલ સાથે લગ્ન કર્યા અને કાનપુરમાં આવી સ્થાયી થયા હતા. પરંતુ એમનો સંઘર્ષ ખતમ થયો ન હતો. તે વંચિતોની સેવામાં જોતરાયા હતા. તેઓ ભારતનું વિભાજન સહી ન શક્યા અને દેશમાં અમીરો અને ગરીબો વચ્ચે વધતી જતી ખાઇનો હંમેશા વિરોધ કરતાં રહ્યા હતાં.


### વિનોદ કિનારીવાલા
વિનોદ કિનારીવાલા (૧૯૨૪-૯ ઓગસ્ટ ૧૯૪૨) અમદાવાદની ગુજરાત કોલેજના



વિદ્યાર્થી હતા. મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ ભારત છોડો આંદોલનના પ્રથમ દિવસે એટલે કે ૯ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ ગુજરાત કોલેજની સામે ભારતીય ધ્વજ ફરકાવતી વખતે બ્રિટિશ અફસર દ્વારા તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બ્રિટીશ અફસરે તેમને ધ્વજ નીચે મૂકી દેવા કહ્યું હતું, પરંતુ કિનારીવાલાએ તેમ કરવાની ના પાડી હતી. ત્યારબાદ અફસરે ગોળી મારતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુ સમયે તેઓ ૧૮ વર્ષના હતાં. ૧૯૪૭માં તેમની યાદમાં વીર વિનોદ કિનારીવાલા સ્મૃતિ અને તેમનું પૂતળું કોલેજના પ્રાંગણમાં જયપ્રકાશ નારાયણ દ્વારા જાહેરમાં મૂકવામાં આવ્યું હતું. જે માર્ગ પર તેમની ગોળી મારવામાં આવી હતી તે માર્ગને શહીદ વીર કિનારીવાલા માર્ગ નામ આપવામાં આવ્યું છે. તેમની યાદમાં દર વર્ષે ૯ ઓગસ્ટે ઓલ ઇન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટસ ઓર્ગેનાઈઝેશન તેમને શ્રદ્ધાંજલિ અર્પે છે.



### વીરાંગના ઝલકારી દેવી
વીરાંગના ઝલકારી દેવી (જન્મ-૧૮૩૦, મૃત્યુ-૧૮૫૭), ઝલકારી ઝાંસી રાજ્યના એક બહાદુર સદોવાસિંહની પુત્રી હતા. એમનો જન્મ ૨૨ નવેમ્બર ૧૮૩૦માં ઝાંસી નજીક ભોજલા ગામમાં થયો હતો. એમની માતાનું નામ જમુના દેવી હતું. જેમનો મોટાભાગનો સમય જંગલમાં કામ કરવામાં જ વીતતો હતો. જંગલમાં રહેવાને કારણે પિતા પાસેથી ઘોડેસવારી અને શસ્ત્ર વિદ્યામાં કાબેલિયત મેળવી હતી. એમના લગ્ન મહારાણી લક્ષ્મીબાઇના તોપચી પૂરનસિંહ સાથે થયા હતા. લક્ષ્મીબાઈના વેશમાં યુદ્ધ કરતાં ઝલકારી બાઇએ શહાદત વહોરી હતી. તેમણે તોપોથી પણ અંગ્રેજોનો સામનો કર્યો હતો છેવટે અંગ્રેજોએ એમને તોપના ગોળાથી જ ઉડાવ્યા હતાં.



### દાદાભાઈ નવરોજી
દાદાભાઈ નવરોજીનો જન્મ ૪ સપ્ટેમ્બર, ૧૮૨૫ના રોજ થયો હતો. દાદાભાઈનું માનવું હતું કે ભારતની નિરક્ષર પ્રજાનો લાભ અંગ્રેજો ઉઠાવી રહ્યા છે. આથી તેમણે ભારતના લોકોને સાક્ષર બનાવવાનું બીડું ઝડપ્યું હતું. સમાજ સુધારક એવા દાદાભાઈ ૯૨ વર્ષની ઉંમરે ૩૦ જૂન, ૧૯૧૭ના રોજ મૃત્યુ પામ્યા હતાં.



### બેગમ હજરત મહલ
બેગમ હજરત મહલ (જન્મ-૧૮૨૦, મૃત્યુ-૧૮૭૯), અવધની બેગમ હજરત મહલે ૧૮૫૭ પહેલા સ્વાધીનતા સંગ્રામમાં અંગ્રેજોના દાંત ખાટા કર્યા હતા. ભારત સરકારે બેગમ હજરતના સન્માનમાં સન ૧૯૮૪માં સ્ટેમ્પ પર બહાર પાડી હતી.




### કિત્તૂરની રાણી ચેનમ્મા
કિત્તૂરની રાણી ચેનમ્મા (જન્મ-૧૭૭૮, મૃત્યુ-૧૯૨૯), રાણી લક્ષ્મીબાઈથી પણ પહેલા કિત્તૂરની રાણી ચેનમ્માએ અંગ્રેજો સાથે ટક્કર લીધી હતી. રાણી ચેનમ્મા કર્ણાકટના કિત્તૂરના રાણી હતા. જેમણે અંગ્રેજોની ગુલામી સ્વીકારવાનો ઇન્કાર કરી અંગ્રેજોને જોરદાર ટક્કર આપી હતી.

### જયપ્રકાશ નારાયણ



આઝાદીની વાત કરીએ અને જય પ્રકાશ નારાયણને ભૂલી જઈએ તો ન ચાલે. જયપ્રકાશ નારાયણનો જન્મ ૧૧ ઓક્ટોબર, ૧૯૦૨ના રોજ ઉત્તરપ્રદેશમાં થયો હતો. આઝાદીની ચળવળમાં ગાંધીજીની પડખે રહેનારા નારાયણને બ્રિટીશ શાસનની નીતિઓ વિરુદ્ધ બોલવા માટે જેલવાસ ભોગવવાનો વારો આવ્યો હતો. તેમનું જીવન વિનોબા ભાવેની સર્વોદય ચળવળને સમર્પિત કરનારા નારાયણ સફળ રાજકારણી હતા. લોકસેવક અને લોકનાયકનું બિરુદ મેળવનારા નારાયણ ૮ ઓક્ટોબર, ૧૯૭૯ના રોજ મૃત્યુ પામ્યા હતા.


### બંકિમચંદ્ર ચેટર્જી



આપણાં રાષ્ટ્ર ગાન વંદેમાતરમ્ના રચયિતા એટલે બંકિમચંદ્ર ચેટર્જી કે ચટ્ટોપાધ્યાય. ચેટર્જી સાહિત્યકાર હતા. તેમનો જન્મ ૨૬ જૂન, ૧૮૩૮ના રોજ પં.બંગાળમાં થયો હતો. ભારતની ભૂમિને પ્રેમ કરનારા ચેટર્જી ૮ એપ્રિલ, ૧૮૯૪ના રોજ મૃત્યુ પામ્યા હતાં.

ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પુરૂષોએ હોંશે હોંશે ભાગ લીધો હતો તો મહિલાઓનો ફાળો પણ કંઇ કમ નથી રાણી લક્ષ્મીબાઇ, રાણી ચેનમ્મા જેવી કેટલીય વીરંગનાઓ હતી કે જેનાથી અંગ્રેજી હકૂમત પણ થર થર કાંપતી હતી. આઝાદી બાદ પણ ઘણી વીરંગનાઓએ દેશ સેવા કરી હતી. સ્વતંત્ર પૂર્વે જાણીએ આ વીરંગનાઓની વીરતા.

### શામળદાસ ગાંધી



શામળદાસ ગાંધી એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. તેઓ તત્કાલીન જૂનાગઢ રજવાડાંની આરઝી હકૂમતના વડા હતા. શામળદાસ મહાત્મા ગાંધીના નાના ભાઈ લક્ષ્મીદાસ કરમચંદ ગાંધીના પુત્ર હતા. તેઓ તેમના કાકા મોહનદાસના નજીકના અનુયાયી હતા. ઈ.સ. ૧૯૪૭માં જ્યારે જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી ત્યારે જૂનાગઢના બહુમતી નાગરિકો ભારત સાથે જોડાવા માગતા હતા અને તેમની આ લાગણી દર્શાવવા તેમણે દેશવટાની સરકાર રચી અને તેમના વડા શામળદાસને બનાવ્યા. જ્યારે ભારતીય દળો જૂનાગઢ અને તેના તાબા હેઠળના માંગરોળ (જૂનાગઢ) અને માણાવદરમાં પ્રવેશ્યા ત્યારે નવાબના દિવાન શાહનવાઝ ભુટ્ટોએ શામળદાસને જૂનાગઢનું સુકાન સંભાળવા આમંત્ર્યા પરંતુ તે ભારત સરકારની તરફેણમાં જતી કરી. આજે પણ શામળદાસ ગાંધીને જૂનાગઢ અને ગુજરાત રાજ્યમાં એક લોકનાયક અને દેશભક્ત તરીકે યાદ કરાય છે. અનેક શાળાઓ, સાર્વજનિક કાર્યો અને દવાખાનાં તેમનાં નામ હેઠળ ચલાવાય છે.

# Women Equlity Day
## મહિલા સમાનતા દિવસ



મહિલા સમાનતા દિવસ એક યુનાઇટેડ સ્ટેટ્સ પ્રમુખ દ્વારા સમગ્ર દેશમાં સ્ત્રીઓ માટે મત આપવાની ઉજવણી છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા મહિલા માટે ૨૬ ઓગષ્ટ ૧૯૨૦ જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સના બંધારણમાં ૧૯ મે સુધારી કાયદા તરીકે પ્રમાણિત કરવામાં આવ્યો હતો. દરેક ને મત આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે. મહિલા સમાનતા દિવસ માટે પ્રથમ ઘોષણા ૧૯૭૨ના કાયદા પછી વર્ષ દરમિયાન કોંગ્રેસના બેલા એબઝગ દ્વારા મહિલા સમાનતા દિવસ તરીકે દર વર્ષે ૨૬ ઓગષ્ટની નિયુક્તી કરવામાં આવી હતી. ૧૯૭૧માં આ ઠરાવ પસાર કરવામાં આવ્યો. જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સ મહિલા માટે બીજા વર્ગના નાગરિકો તરીકે સમજાવવામાં આવ્યા છે. અને તે યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના પુરૂષો માટે પણ ઉપલબ્ધ છે. સંપૂર્ણ અધિકારો, વિશેષાધિકારો અને સાર્વજનિક, ખાનગી સંસ્થાકીય ઉમેદવારી થયેલી નથી તમામ પ્રકારના અધિકારો આપવા યુનાઇટેડ સ્ટેટ્સમાં મહિલાઓ માટે ૨૬ ઓગષ્ટનો દિવસ નિયુક્ત કરવામાં આવ્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં મહિલા પ્રશંસા કરવામાં આવે છે. અને તેમની સંસ્થા પ્રવૃતિઓ આધારભૂત છે. સેનેટ અને કોંગ્રેસ યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના હાઉસ રિપ્રેઝન્ટેટિવમાં એસેમ્બલ થઇ દર વર્ષે ૨૬ ઓગષ્ટ મહિલા સમાનતા દિવસ તરીકે નિયુક્ત કરી છે. ૧૯૨૦માં એવી ઘોષણા થઇ હતી કે પ્રથમ વખત અમેરિકામાં સ્ત્રીઓને મત અધિકાર આપવામાં આવ્યો હતો.



**ચોકસી ગોપાલ એન.**
ધોરણ : ૧૦ બી,
રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

મહિલાઓના અધિકારના મત માટે સમગ્ર વિશ્વમાં વિવિધ સમયે સમૃધ્ધિ પ્રાપ્ત કરવામાં આવી છે.ઘણા દેશોમાં મહિલાના મતાધિકાર સાર્વત્રિક મતાધિકાર પહેલા મંજૂર કરવામાં આવી હતી.તેથી સ્ત્રીઓ અને ચોક્કસ વર્ગોના જાતિ પુરૂષો હજુ પણ મત આપવા માટે અસમર્થ હતા. પ્રથમ મતદાન અનુગામી વર્ષમાં યોજાયો હતો.૧૯૦૭ સુધી રાષ્ટ્રત્વ હાસલ કરી ન હતી. ન્યુઝીલેન્ડ વિશ્વમાં પ્રથમ સ્વયં – સંચાલિત વસાહત છે.પણ તેમાં બધી સ્ત્રીઓનો મત નથી. સ્વિડનમાં શરતી મહિલાના મતાધિકાર ૧૭૧૮ અને ૧૭૭૨ વચ્ચે સ્ટેચ્યુ ઓફ ઉંમર દરમિયાન મંજૂર કરવામાં આવી હતી. સાઉદી અરેબિયાની સ્ત્રીઓ પ્રથમ મ્યુનિસિપલ ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૫માં મત આપવામાં આવ્યા હતા.

નારીવાદ રાજકીય હિલચાલ સિધ્ધાંતો અને સામાજિક ચળવળો કે જે સામાન્ય એક શ્રેણી છે.શિક્ષણ અને રોજગારની મહિલાઓ માટે સમાન તકો આપી. નારીવાદીઓ ખાસ કરીને અધિકારો અને સ્ત્રીઓ વચ્ચે સમાનતા આધાર આપે છે. નારીવાદી ચળવળ ઝૂંબેશ ચલાવી હતી મહિલા અધિકારોના ઝૂંબેશ માટે મત આપવાનો અધિકાર જાહેર ઓફિસ ધરાવે છે. વાજબી વેતન અને સમાન પગાર મેળવવા માટે, શિક્ષણ માટે, માલિકી મેળવવા માટે સમાન અધિકારનો, જાતીય સતામણી અને ઘરેલુ હિંસાની સ્ત્રીઓ તથા છોકરાઓ........ આપવાનું કામ કર્યુ છે. નારીવાદી ઝુબેશ સામાન્ય રીતે મહિલા અધિકારો માટે મુખ્ય ઐતિહાસિક સામાજિક ફેરફારો ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિ કે જ્યાં તેઓ નજીકનાં સાર્વત્રિક મહિલાના મતાધિકાર પ્રાપ્ત કર્યાનો શ્રેય આપવામાં આવે છે.પુરૂષો પણ મુક્તિ સમાવેશ માટે દલીલ કરે છે. કારણકે પુરૂષો પણ પરંપરાગત લિંગ ભૂમિકાઓ દ્વારા નુકસાન થાય છે. આ ટીકા બ્લેક નારીવાદ અને ઇન્ટરસેકસનલ ફેમિનિઝમ સહિત નારીવાદનું વંશીય ચોક્કસ અથવા બહુસાંસ્કૃતિક સ્વરૂપોની રચના થઇ હતી.

# શ્રાવણ સુદ પૂનમ એટલે પવિત્ર બળેવ તહેવાર

રક્ષાબંધન એ ભાઈબહેનનો પવિત્ર તહેવાર છે. રક્ષાબંધન શ્રાવણ મહિનાની પૂનમના દિવસે ઉજવાય છે. આ દિવસે બહેનના આનંદનો પાર હોતો નથી. બહેન ભાઈને રાખડી બાંધવા માટે ઉત્સુક હોય છે. બહેન ભાઈના કપાળ પર તિલક કરીને તેને રાખડી બાંધે છે. અને બહેનભાી એકબીજાનું મોઢું મીઠાઈ, સાકર જેવી વસ્તુઓથી મીઠું કરાવે છે. ભાઈ તેને અંતરના આર્શીવાદ આપે છે, અને ભાઈબહેનને ભેટ આપે છે.



**અભય કે. પંખાનીયા**
ધોરણ : ૧૦ બી,
રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

પ્રાચીન કાળતી આપણા જીવનમાં આ તહેવારનું મહત્વ રહેલું છે. કુંતામાએ કોઠાયુદ્ધમાં અભિમન્યુનો વિજય થાય તેવી ભાવનાથી તેને રાખડી બાંધી હતી. દેવો અને દાનવોના યુદ્ધમાં દેવોનો વિજય થાય તે ભાવનાથી ઇન્દ્રાણીએ પોતાના પતિ અને દેવોના રાજા ઇન્દ્રના હાથે રાખડી બાંધી હતી. મેવાડની રાણી કર્માવતીએ હુમાયુને રાખડી મોકલી તેને પોતાનો ભાઈ માન્યો હતો. આથી હુમાયુએ કર્માવતીના રાજ્યની રક્ષા કરવા માટે પોતાનું લશ્કર મોકલ્યું હતું. રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો નદી કે તળાવના કિનારે વિધિસર જનોઈ બદલે છે. આ દિવસે સાગરખેડું માછીમારો, નાળિયેર વધેરી દરિયાની પૂજા કરે છે તેથી તેને નાળિયેરી પૂનમ પણ કહે છે. રક્ષાબંધન એ સૌને આનંદ આપતો અને સામાજિક મીઠાશ વધારતો લોકોનો પ્રિય તહેવાર છે.

# નિબંધ સ્પર્ધા

ગુરૂપૂર્ણિમાંના અનુસંધાન શાળામાં ૨૨- જુલાઇના રોજ નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. શાળાના ૧૦૮ વિદ્યાર્થીઓ અર્થાત્ (૮૦%) ઉપર વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

નિબંધ સ્પર્ધાના આયોજનનો મુખ્ય હેતુ એ વિદ્યાર્થીઓમાં મૌલિકતા વધે પોતાના વિચારોને રજૂ કરવાની તક મળે. વર્તમાન સમયની માહિતી મળે. તેથી વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં પોતાની ક્ષમતા મુજબ નિબંધ લખે અને તેના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી આયોૌજન કરેલ.

નિબંધ સ્પર્ધાના વિષયો
(૧) સ્વચ્છતા અભિયાન: મારો ફાળો
(૨) નર્મદા યોજના
(૩) વિદ્યાર્થી, પરીક્ષા અને તણાવ
(૪) વર્તમાન માહિતી સંચારના માધ્યમો અને તેના ઉપયોગો
(૫) ભારતીય સેનાની પાંખ ભૂમિદળ,નૌકાદળ, હવાઇદળ

વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધામાં ઉત્સાહભર ભાગ લીધો અને નિબંધની વિષય વસ્તુને મહત્વનો ભાગ સમજી ખૂબજ સરસ રીતે લખાણ ર્ક્યુ હતું.

આ ઉપરાંત નિર્ણાયકના પરિબળોને ધ્યાનમાં રાખી
(1) Better Performance
(2) Better Content
(3) Good Performance
(4) Good Content
(5) Good Handwriting

જેવા વિવિધ પ્રમાણપત્ર અને પુરૂષકાર આપી પ્રાર્થના હોલમાં વિદ્યાર્થીઓનું અભિવાદન ર્ક્યુ હતું.



**મકવાણા જૈત્ર**
ધોરણ : ૧૦ બી,
રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

# આપણને "અડધી રાત્રે" આઝાદી મળી

આપણો પવિત્ર રાષ્ટ્રીય તહેવાર એટલે સ્વતંત્રતા દિવસ, સ્વતંત્રતા દિવસ એટલે ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭.

આપણે જાણીએ જ છીએ કે આપણો ભારત દેશ ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે આઝાદ થયો હતો. બહુ ઓછા લોકોને ખબર હશે કે ભારત ૧૫મી ઓગષ્ટની વહેલી સવારે આમ કહીએ તો "અડધી રાત્રે" આઝાદ થયો હતો. ત્યાર સમયના ભારતના વાયસરોયા લોર્ડ માઉંટબેટનના પ્રેસસચિવ "કેંપબેલ જોનસન"ના કહેવા પ્રમાણે મિત્ર દેશની સેનાની સામે જાપાનના સમર્પણની બીજીવર્ષગાંઠ ૧૫ ઓગષ્ટે આવતી હતી. આથી તે દિવસે ભારતને આઝાદ કરવાનું નક્કી થયું.

ભારતમાં સ્વતંત્રતા આંદોલનનું નેતૃત્વ મહાત્મા ગાંધીએ કર્યુ હતું. પણ જ્યારે દેશને ૧૫ ઓગષ્ટ ૧૯૪૭માં આઝાદી મળી ત્યારે એ તેના ઉત્સવમાં હાજર ન હતાં. મહાત્મા ગાંધી આઝાદીના દિવસે દિલ્લીથી હજારો કિલોમીટર દૂર બંગાળના "નોઆખલી"માં હતાં. જ્યાં તે હિંદુ અને મુસ્લિમ વચ્ચેના સાંપ્રદાયિક હિંસા રોકવામાં અનશન ઉપર હતાં. જ્યારે નક્કી થઈ ગયું હતું કે ૧૫ ઓગષ્ટે ભારત આઝાદ થશે ત્યારે જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલે મહાત્મા ગાંધીને પત્ર લખ્યો. આ પત્રમાં લખ્યું હતું કે ૧૫ ઓગષ્ટે આપણો પહેલો સ્વતંત્રતા દિવસ હશે. આમાં હાજર રહી આપના આર્શીવાર્દ આપવા વિનંતી. આના જવાબમાં ગાંધીજીએ લખ્યું હતું કે હું અહીં હિંદુ-મુસ્લિમના હુલ્લડ રોકવામાટે આવ્યો છું. તો ત્યાં ઉત્સવ મનાવવા કેવી રીતે આવી શકું.



**ગર પદ્યુમન પી.**
ધોરણ : ૧૦ બી,
રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

જવાહરલાલ નહેરુએ ૧૫ ઓગષ્ટની અડધી રાત્રે ઐતિહાસિક ભાષણ "ટ્રિસ્ટ વિદ કેસ્ટની" વાયસરોય લોજ (હાલનું રાષ્ટ્રપતિ ભવન)માં આપ્યું હતું. ત્યારે નહેરુ પ્રધાનમંત્રી નહોતા. આ ભાષણને આખી દુનિયાએ સાંભળ્યું હતું. આપણો દેશ આઝાદ થયો તેની પહેલા ૧૪ ઓગષ્ટનીરાત્રિએ પાકિસ્તાન આઝાદ થયું હતું. ૧૬ ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે નહેરુએ ભારતનો રાષ્ટ્રધ્વજ લાલ કિલ્લા ઉપર ફરકાવ્યો હતો. ભારત સિવાય દક્ષિણ કોરિયા, બહરીન અને કાંગો નામના ત્રણ દેશોનો સ્વાતંત્ર્ય દિવસ પણ ૧૫મી ઓગષ્ટે જ છે.

આજે જ્યારે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૦ સુધીમાં ભારતને સ્વચ્છ કરવાનો પ્રાગ લીધો છે તો આપણે સમગ્ર ભારતવાસીઓએ ૨૦૨૦ સુધીમાં ભારતનો સ્વચ્છ કરીને દરેક સ્વતંત્રતા દિવસ ઉજવશું. આપણે એવા પ્રાણ લઈએ કે આવતા દરેક સ્વતંત્રતા દિવસે ભારત પહેલના સ્વતંત્રતા દિવસ કરતા વધારે સ્વચ્છ હોય. સાથે હાલમાં આતંકવાદ, ભ્રષ્ટાચાર, ગરીબી પોતાનું જોર ઉપાડી રહી છે. આપણો સ્વતંત્રતા દિવસ આપણે આતંકવાદના ભય સાથે ઉજવવું પડે છે ત્યારે આપણે સૌએ "સોલ્જર"ની ભૂમિકા ભજવવી જોઈએ અને ભારતને આતંકવાદ, ભ્રષ્ટાચાર, ગરીબો વગેરેથી દૂર કરી ગર્વથી આપણો સ્વતંત્રતા દિવસ ઉજવી શકીએ તેવું કાર્ય કરવું જોઈએ.

# શ્રાવણ વદ આઠમનો પાવન પર્વ

શ્રી કૃષ્ણ પૂર્ણ પુરૂષોત્તમ તરીકે પૂજ્ય છે.
જન્મ સ્થળ : મથુરા (હાલ યુ પી નું એક નામાંકિત)
શ્રી કૃષ્ણના જન્મદાતા: દેવકી અને વાસુદેવ
શ્રી કૃષ્ણના પાલક માતા: નંદ અને યશોદા
શ્રી કૃષ્ણનાં વિવિધ નામો: કૃષ્ણ, કનૈયો, ગિરિધર, મુરલીધર, માખણચોર, રણછોડ, ગોપાલ, નંદકુંવર, ચક્રધારી.

શ્રી કૃષ્ણનો જન્મ શ્રાવણવદ આઠમની મધ્યરાત્રીએ રોહિણી નક્ષત્રમાં દેવકી અને શ્રી વાસુદેવના પુત્રરૂપમાં થયો હતો. કંસે તેના મૃત્યુના ડરથી તેની બહેન દેવકી અને વાસુદેવને જેલમાં કેદ કરી રાખ્યા હતાં. કૃષ્ણના જન્મ સમયે ઘનઘોર વરસાદ થયો હતો. ચારે તરફ અંધકાર છવાઇ ગયો હતો. ભગવાનના નિર્દૈશ અનુસાર કૃષ્ણને રાત્રે મથુરાની જેલમાંથી ગોકુળમાં નંદબાબા ના ઘરે લઇ ગયા. નંદજીની પત્ની યશોદાએ કન્યાને જન્મ આપ્યો હતો. વાસુદેવ કૃષ્ણને યશોદાની પાસે સુવડાવીને તે કન્યાને તેની સાથે લઇ ગયા. કંસે તે કન્યાને વાસુદેવ અને દેવકીનું સંતાન સમજીને તેને મારી નાખી. પરંતુ તે એ કાર્યમાં અસફળ રહ્યો. દેવયોગથી એ કન્યા જીવીત બચી ગઇ. તે પછી શ્રી કૃષ્ણનું લાલન-પાલન યશોદા અને નંદે ર્ક્યુ. જ્યારે શ્રી કૃષ્ણ મોટા થયા ત્યારે તેણે કંસનો વધ ર્ક્યો અને તેના માતા-પિતાને કેદમાંથી મુક્ત કરાવ્યા.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી તે હિન્દુઓનો એક પ્રસિધ્ધ ત્યોહાર છે. આ ત્યોહાર હિન્દુ કેલેન્ડર અનુસાર શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષની આઠમના રોજ મનાવાય છે. તેને ભગવાન શ્રી કૃષ્ણના જન્મદિન ના રૂપમાં મનાવાય છે. જન્માષ્ટમીમાં ગોકુળઅષ્ટમી, કૃષ્ણઅષ્ટમી, શ્રી જયંતીના નામથી ઓળખાય છે. મહારાષ્ટ્રમાં જન્માષ્ટમી દહીં હાંડીથી પ્રખ્યાત છે. જન્માષ્ટમી ઉપર કૃષ્ણમંદિરમાં ભવ્ય સમારોહ થાય છે. સંપૂર્ણ ભારતમાં ઠેરઠેર શ્રી કૃષ્ણની ઝાંખી સજાવાય છે. અને રાસલીલાનું આયોજન થાય છે. મથુરા અને વૃંદાવન જ્યાં ભગવાન શ્રી કૃષ્ણએ તેમનું બાળપણ વિતાવ્યું હતું ત્યાંની જન્માષ્ટમી વિશ્વ પ્રસિધ્ધ છે. જન્માષ્ટમીના દિવસે લોકો દિવસભર વ્રત કરે છે. અને અર્ધી રાત્રે કીર્તન અને ભજનનું આયોજન કરવામાં આવે છે. યશોદા અને નંદ દેવકી પુત્ર ભારતીય સમાજમાં કૃષ્ણના નામથી સદિયોથી પૂજાય છે.

માખણચોર, નંદ કિશોરના જન્મદિવસ પર મટકી ફોડની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવે છે. રમત ગમતમાં સમજાવાય છે, કે કેવી રીતે પોતાને સંતુલિત રાખવાનું લક્ષ્ય હાંસિલ થાય છે.

**જન્માષ્ટમીમાં મટકી ફોડ :**

શ્રી કૃષ્ણના જન્મ માત્ર એક પૂજા અર્ચનાનો વિષય નહીં પરંતુ એક ઉત્સાહના રૂપમાં મનાવાય છે. આ ઉત્સવમાં ભગવાનને શ્રીવિગ્રહ પર કપુર, હલ્દી, દહીં, ઘી, તેલ, કેસર અને જળ વગેરે ચઢાવીને લોકો વડે હર્ષઉલ્લાસની સાથે આ વસ્તુઓનું પરસ્પર વિલેપન અને સેવન કરવામાં આવે છે. ઘણી જગ્યાએ હાંડીમાં દૂધ, દહીં ભરીને તેને ઘણી ઉંચાઇ પર લટકાવવામાં આવે છે. યુવકોની ટોળી તેને ફોડીને ઇનામ લૂંટમાં બહૂજ ઉત્સાહથી ભાગ લે છે. શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનું વ્રત કેવળ ઉપવાસનો દિવસ નહીં પરંતુ આ દિવસ મહોત્સવની સાથે જોડાઇને વ્રત ઉત્સવ બની જાય છે.

નંદ ઘરે આનંદ ભર્યો જય કનૈયા લાલકી,
હાથીઘોડા પાલકી જય કનૈયા લાલકી.

**રાઠોડ રીતુ જે., ગોહેલ દેવ્યાની જે.**
ધોરણ : ૧૦ બી, રોઝરી એજ્યુકેશન સિસ્ટમ



# શું તમારે એન્જિનિયર બનવું છે?

મોટા મોટા બહુમાળી મકાનો જેવા કે એફિલટાવર, પિરામીડ, તાજમહેલ કે પછી રોડ રસ્તા, ફ્લાય ઓવર, એરપોર્ટ તમે જે કહો તે એન્જિનિયર સર્જન કરી આપે છે. અશક્ય ને પણ શક્ય બનાવી આપે છે તેથી જ તેમને જાદુગર પણ કહી શકાય. ચમત્કાર સર્જવો તે એન્જિનિયરનું કામ છે.

ટાંકણીથી માંડીને એરોપ્લેન અને સ્પેસ શટલ સુધીની વસ્તુઓ એન્જિનિયરોનું સર્જન છે. ઓફિસમાં બેસી કોમ્પ્યૂટર પર જુદા જુદા એન્જિન બનાવે છે.

એન્જિનિયરીંગ એટલે ગણતરી. ભગવાને બનાવેલી નદી, પર્વત, પથ્થર, હવા, ધૂળ, સૂર્ય, વાયુ વગેરેનો ખરો ઉપયોગ ઇજનેર જાણે છે. અને તેમનો યોગ્ય ઉપયોગ કરી માનવ જીવન સરળ અને આનંદિત બને તેવી સુવિધાઓ પૂરી પાડે છે.

આજે તો તેનો ટેક્નોલોજી, બાયો ટેક્નોલોજી, સોલર અને વીંડ એનર્જી જેવા ક્ષેત્રોમાં એન્જિનિયરીંગ કમાલની શોધો કરી છે. રામાયણના સમયમાં રામસેતુ બનાવનાર નલ અને નીલ પણ શ્રેષ્ઠ ઇજનેર જ હતા કહેવાય છે કે આ દુનિયામાં તમે ક્યાં પણ આંગળી મૂકો ત્યાં એન્જિનિયરીંગ છે.

ઇજનેર બનવા ધોરણ ૧૨ સાયન્સ પછી એ કે એબી ગ્રુપ સાથે ઓછામાં ઓછા ૪ વર્ષ ભણવું પડે છે.

એન્જિનિયરીંગની ૨૭થી વધુ નાની-મોટી શાખાઓ છે. જેમાં સિવિલ, મિકેનિકલ, કેમિકલ આઇસી, ટેક્ષટાઇટલ, પ્લાસ્ટિક ટેકનોલોજી, ઇન્ડસ્ટ્રીયલ, બાયોટેકનોલોજી, એરોનોટીક્સ વગેરેનો સમાવેશ થાય છે.

એન્જિનિયરીંગ માટે ગુજરાતની ૪૪ ઇજનેરી કોલેજોમાં ૧૩૦૦૦ થી વધુ બેઠકો છે. ઇજનેરી અને ટેકનોલોજી ક્ષેત્રોમાં દેશની આઇ.આઇ.ટી (ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી) વિશ્વ વિખ્યાત છે તેમાં એડમિશન મેળવવા ખૂબ જ મહેનત કરવી પડે છે. ડીગ્રી ઇજનેર ન થવાય તો ડિપ્લોમાં એન્જિનિયરીંગ પણ કરી શકાય છે. ઇજનેર થવું એ તો ગણતરી અને મહેનતનું કામ તેમાં સતત મગજ દોડવતું રાખવું પડે છે.

સુંદર સત્યને થોડા શબ્દોમાં કહો પણ કુરૂપ સત્ય માટે કોઈ શબ્દ ન વાપરો - **ખલીલ જિબ્રાન**

# આ છે પાણીથી ચાલતી બાઈક જે ૧ લીટર પાણીમાં ૫૦૦ કિ.મી. ચાલે છે







શું પાણીથી બાઈક ચાલી શકે ખરા ? શું પેટ્રોલ અને ડિઝલનો કોઈ મજબૂત વિકલ્પ બનાવવામાં આવ્યો છે ? આજે અમુક લોકો એવા છે જે પોતાના વાહનો પેટ્રોલથી નહિ પણ પાણીથી ચલાવે છે. આ ખબર તમને ચોંકાવી મૂકે તેવી છે.

બ્રાઝીલના સાઓ પાઉલોમાં રહેતા એક વ્યક્તિએ પેટ્રોલની કિંમતથી હેરાન થતા લોકો માટે હલ શોધી કાઢ્યો છે. તેમણે પાણીથી ચાલતી બાઈક બનાવીને ઇતિહાસ રચી કાઢ્યો છે.

રિકાર્ડો એઝવેડોઇસ નામના આ વ્યક્તિ દ્વારા બનાવવામાં આવેલ બાઈકનું માઈલેજ પણ ખૂબ જોરદાર છે. આ બાઈક એક લીટર પાણીમાં ૫૦૦ કિલોમીટર ચાલે છે. આમાં એક બેટરી પણ લગાવવામાં આવેલ છે. આ બાઈકથી પ્રદૂષણમાં પણ ઘટાડો થશે, જેથી એન્વાયરમેન્ટ પણ શુદ્ધ રહેશે.

આ બાઈકમાં પાણીથી બેટરી દ્વારા હાઇડ્રોજન ઉત્પન્ન થાય છે. આ હાઇડ્રોજન બાઈકમાં ફ્યુઅલ (ઇંધણ) તરીકે વાપરવામાં આવે છે. વેબ પોર્ટલ આરટી નેટવર્કના અનુસાર રિકાર્ડો એઝવેડોઈસ એ સામાન્ય મોટરસાઇકલમાં મિકેનિકલ બદલીને તેને પાણીથી ચલાવવાનું ઇન્વેન્શન કર્યું છે. આનું નામ ટી પાવર ( ) રાખવામાં આવ્યું છે.

રિકાર્ડો એઝવેડોઈસ જણાવે છે કે તેમને આ બાઈક બનાવવા માટે બેઝિક ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. આ બાઈકમાં પાણી ભરવા માટે ટેંક પણ છે. રિકાર્ડો હવે પોતાના બાઈકના ટેસ્ટીંગ માટે તૈયાર છે. જો આ બાઈક સફળ થઈ તો ટુ-વ્હીલર સેક્ટરમાં નવી ક્રાંતિ આવી શકે છે.

## થોડુંક ગુજરાત વિશેનું જ્ઞાન તાજું કરી લઈએ

| | |
|---|---|
| સ્થાપના | ૧ મે, ૧૯૬૦ |
| પહેલાનું પાટનગર | અમદાવાદ |
| હાલનું પાટનગર | ગાંધીનગર |
| રાજ્યગીત | જય જય ગરવી ગુજરાત |
| રાજ્યભાષા | ગુજરાતી |
| રાજ્યપ્રાણી | સિંહ |
| રાજ્ય પક્ષી | સુરખાબ |
| રાજ્ય વૃક્ષ | આંબો |
| રાજ્ય ફૂલ | ગલગોટો |
| રાજ્ય નૃત્ય | ગરબા |
| રાજ્ય રમત | કબડ્ડી |
| પ્રથમ રાજ્યપાલ | મહેંદી નવાજગંજ |
| પ્રથમ મુખ્યમંત્રી | ડો. જીવરાજ મહેતા |
| એમ.એલ.એ સીટ | ૧૮૨ |
| એમ. પી. | ૨૬ |
| રાજ્યસભા સીટ | ૧૧ |
| જિલ્લા | ૩૩ |
| નગરપાલિકા | ૧૬૯ |
| મહાનગરપાલિકા | ૮ |
| તાલુકા | ૨૪૯ |
| તાલુકા પંચાયત | ૨૪૯ |
| ગામડા | ૧૮૧૯૨ |
| ગ્રામ પંચાયત | ૧૩૧૮૭ |
| હાલના મુખ્યમંત્રી | આનંદીબહેન પટેલ |
| હાલના રાજ્યપાલ | ઓમપ્રકાશ કોહલી |

## આપણી ચામડી સૂર્યપ્રકાશમાંથી વિટામીન 'ડી' કેવી રીતે બનાવે છે

**ચામડી આપણા શરીરનું રક્ષણ કરવા માટેનો મુખ્ય અવયવ છે. તે ઘણા અન્ય કામ પણ કરે છે.ચામડી સૂર્યપ્રકાશમાંથી વિટામિન ડી બનાવીને લોહીમાં ભેળવે છે. આ પ્રક્રિયા કેવી રીતે થાય છે તે પણ જાણવા જેવું છે. ચામડીના કોશોમાં હાઇડ્રોકોલોસ્ટરોલ નામનું તત્ત્વ હોય છે. સૂર્યપ્રકાશમાંનાં અલ્ટ્રાવાયોલેટ કિરણો સાથે આ દ્રવ્ય પ્રક્રિયા કરે છે. અને વિટામિન ડી બની લોહીમાં ભળે છે. બપોરે સૂર્યપ્રકાશ તીવ્ર હોય છે અને તેમાં અલ્ટ્રાવાયોલેટ કિરણો પણ વધુ હોય છે. વધુ પડતાં અલ્ટ્રાવાયોલેટ કિરણો ચામડી અને આંખોને નુકસાન કરે છે. એટલે વિટામીન 'ડી' મેળવવા માટે સવારનો હુંફાળો તડકો વધુ ઉપયોગી છે.**

# પાટાથી 3 ઇંચ અદ્ધર રહી દોડતી ટ્રેન મેગ્લેવ ટ્રેન



તમે ક્યારેક લોહચૂંબકથી રમતા હશો. બે ચૂંબકના સમાન ધ્રુવો એકબીજાથી દૂર ભાગે અને અસમાન ધ્રુવો એકબીજાથી ખેંચાઇને નજીક આવી જાય છે. આ જાણીતી વાત છે. એન્જિયનિયરોએ ચૂંબકના આ ગુણનો ઉપયોગ આખી ટ્રેન દોડવવામાં કાર્યો અને એ પણ પાટાથી ત્રણ ઇંચ અધ્ધર રહીને, આવું કઈ રીતે બને તે પણ જાણવા જેવું છે. આ ટ્રેનને મેગ્લેવ ટ્રેન કહે છે. મેગ્લેવનું આખું નામ મેગ્નેટિક લેવિરેશન છે. દેખીતી રીતે જ ટ્રેનમાં મેગ્નેટનો ઉપયોગ થવાનું સમજાઇ જાય. ટ્રેનના પાટા ઉપર સળંગ મેગ્નેટિક કોઇલ લગાડેલી હોય છે, પાટાને ગાઇડ વે કહે છે. ટ્રેનના ડબાના તળિયે પણ નાના મેગ્નેટ કતાર બંધ ચોડેલા હોય છે. પાટા અને ડબાના મેગ્નેટ વચ્ચે આકર્ષણ થાય છે અને ટ્રેન પાટા ઉપરથી 3 ઇંચ જેટલી ઉંચકાઇને હવામાં લટકે છે. આ દરમિયાન પાટાની કોઇલમાં વીજ પ્રવાહ દાખલ કરાય છે. પરિણામે પાટાના મેગ્નેટના ધ્રુવો વારંવાર બદલાય છે અને આકર્ષણ અપાકર્ષણથી ટ્રેન આગળ વધે છે. ટ્રેનની પાછળ પણ મેગ્નેટિક ફોર્સનું અપાકર્ષણ બળ લાગે છે. મેગ્લેવ ટ્રેન પાટાની અધ્ધર કરીને દોડતી હોવાથી તેને ઘર્ષણ લાગતું નથી એટલે કલાકના ૫૦૦ કિલોમીટરની ઝડપે દોડી શકે છે. જર્મની અને જાપાનમાં આ પ્રકારની હાઇસ્પીડ ટ્રેનોના વ્યાપક પ્રયોગો થયા છે. જોકે મેગ્લેવ ટ્રેનની ઘણી નવી પદ્ધતિઓ વિકસી છે. પરંતુ સિદ્ધાંત એકસરખો જ છે. મેગ્લેવ ટ્રેન ચાલે ત્યારે જરાય અવાજ કરતી નથી તે તેનું બીજું જમા પાસું છે.

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૮-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ

**નામ:** ____________________

**સ્કૂલનું નામ:** ____________________


**ધોરણ:** ____________ **મો.નં.:** ____________

ફોટો





કળા એટલે પ્રત્યેક ચીજને, એટલે કે વિચારને, વાણીને, વર્તનને તેના યથાયોગ્ય સ્થાને મૂકવી - **જે. કૃષ્ણમૂર્તિ**

## બાળકો! ચાલો રસ્તો શોધીએ



## ડાયનોસરની પીઠ પર ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દોરી ચિત્ર પૂર્ણ કરો






## પ્રાણીઓથી અલગ દેખાતી વસ્તુ પર ગોળ કરો




## ક્રમમાં આવતા ચિત્રને નીચે આપેલા ખાનામાંથી કાપી યોગ્ય ક્રમમાં મૂકો



## વિમાનને તેના ખૂટતા ચિત્રો ચોંટાડી ઉડવા માટે તૈયાર કરો




## 0 માં કલર પૂરો અને જૂઓ કયું ચિત્ર બને છે?



## નીચેના ચિત્રોમાં જુદા પડતા ચિત્ર ફરતે ગોળ દોરો




## સરવાળા કરો - ગણતરી કરી યોગ્ય સંખ્યા મૂકો



___ + ___ = ___


___ + ___ = ___

___ + ___ = ___


___ + ___ = ___

___ + ___ = ___


## દર્શાવેલી એ,બી,સી, ડી જોડો અને જુઓ શું બને છે.





## કુલ દસ તફાવતો છુપાયેલા છે આ ચિત્રમાં તે શોધો





## આપેલા પ્રાણીમાં જે મોટુ હોય તેના ફરતે ગોળ કરો



## નીચે આપેલા ચિત્રને યોગ્ય ક્રમ ૧, ૨ અને ૩ આપી ગોઠવો



## બાદબાકી કરી સાચો જવાબ ખાનામાં લખો

| | |
|---|---|
|  | 2<br>– 1<br>... |
|  | 5<br>– 2<br>... |
|  | 6<br>– 3<br>... |
|  | 3<br>– 1<br>... |
|  | 4<br>– 2<br>... |

# ત્રિપદા પરિવારની ૪૯મી બાળરથયાત્રાની ઝલક



















અમદાવાદમાં આવેલા વિશ્વવિખ્યાત ભગવાન શ્રીજગન્નાથજીના મંદિરેથી અષાઢી બીજના દિવસે ધામધૂમ પૂર્વક રથયાત્રા નીકળી હતી ત્યારે બીજી તરફ અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં આવેલી ત્રિપદા સ્કુલ પરિવાર દ્વારા વાજતે ગાજતે બાળ રથયાત્રા નીકળી હતી.છેલ્લા ૪૯ વર્ષોથી યોજાતી ત્રિપદા સ્કુલ પરિવારની બાળ રથયાત્રાનું અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં ભારે આકર્ષણ રહ્યું છે.

ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ તેની ૪૯મી બાળ રથયાત્રાની ઉજવણી કરી રહ્યું છે તેનો પાયો ૧૯૬૮માં અષાઢ સુદ બીજના પવિત્ર દિવસે નાંખ્યો હતો. સંસ્થાના સ્થાપક સ્વ.લાભશંકર ભટ્ટ આ રથયાત્રાના પ્રણેતા છે.૧૯૬૮થી દરવર્ષે અવિરત રીતે નિકળતી ત્રિપદા બાળ રથયાત્રા આ વર્ષે **'એમ આઇ ધ ચેન્જ? ઈ$^3$ (એજ્યુકેશન) (એન્વાયરમેન્ટ) (ઈમોશન)'**ને પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.

આ રથયાત્રામાં ઉંટગાડી, ટ્રેકટરમાં ત્રિપદા હાઉસ ફોર કીંડરના અને ત્રિપદા પરિવારની અન્ય સ્કુલના નાના ભુલકાઓ અવનવી વેશભૂષામાં સજ્જ થઇને બેસે છે.ખાસ બાબત તો એ છે કે ભગવાનનું મોસાળુ પણ કરવામાં આવે છે.જેમાં ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કુલથી ભગવાનને ત્રિપદા હાઈસ્કુલમાં મોસાળુ કરવા લઇ જવામાં આવે છે. અભ્યાસની સાથો સાથ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિને જાણે તે હેતુથી તહેવારોની ઉજવણી ત્રિપદા પરિવાર દ્વારા કરવામાં આવે છે. આ બાળ રથયાત્રામાં ત્રિપદા સ્કુલ પરિવારના દોઢ હજારથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો સહીતના કર્મચારીગણ અને આમંત્રિતો જોડાયા હતા. આ બાળ રથયાત્રામાં ભગવાન શ્રીજગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બળદેવજીની મૂર્તિ રથમાં બિરાજમાન કરાવ્યાં બાદ જય જગન્નાથજીના જયઘોષ સાથે ત્રિપદા હાઈસ્કુલમાંથી સવારે ૭ વાગ્યે બાળ રથયાત્રાને પ્રસ્થાન કરવામાં આવી હતી. ત્રિપદા હાઈસ્કુલ, ત્રિપદા ડે સ્કુલ, ત્રિપદા ઈન્ટરનેશનલ સ્કુલ - કેમ્બ્રીજ ઇન્ટરનેશનલ અને ત્રિપદા ગુરુકુલમના અંદાજે ૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ રથયાત્રાના માર્ગ ઉપર યોગ, માસ ડ્રીલ,માર્શલ આર્ટ, લેઝીમ, લાઠીદાવ, સ્કેટીંગ સહીત અનોખા કરતબ કરે છે. વિદ્યાર્થીઓનું બેન્ડ સંગીતની સુરાવલી છેડે છે તો ગરબા અને રાસ પણ વિદ્યાર્થીઓ રમે છે.





# ત્રિપદા ગરૂકુલમ વિરમગામ ખાતે વિવિધ બાળસ્પર્ધાઓ યોજાઈ

ત્રિપદા ગુરૂકુલમ વિરમગામ ખાતે આવેલી સ્કુલમાં વિવિધ બાળસ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં શાળાનો પ્રવેશ મહોત્સવ, યોગ દિવસ, વૃક્ષા રોપણ અને કાવ્ય સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

જેમા આ મહિને શાળામાં કાવ્ય અને બાળસભા ની સ્પર્ધૉ રાખવામાં આવી હતી. આ સ્પર્ધૉમાં કુલ ૧૩૨ બાળકો એ ભાગ લીધો હતો.

આ સ્પર્ધૉમાં ધોરણ ૧ થી ૮ ના બાળકો એ હાવભાવ અને અભિનય સાથે કાવ્ય રજૂ કરી હતી. જેમાં બધા વિધાર્થીઓએ ખૂબજ આનંદ, ઉત્સાહથી ભાગ લીધો હતો.

જેમાં અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી એમ બધી કાવ્ય બાળકોએ સરસ અભિનય કરીને બતાવી હતી. બાળસભામાં બાળકોએ અલગ અલગ બાળગીત ગાયા. અને શિક્ષકોએ પણ અભિનય સાથે બાળકોને બાળગીત ગવડાવ્યા.

આ સ્પર્ધૉમાં દરેક વર્ગમાં જે વિધાથી સારી રીતે ગાઇ અને અભિનય સાથે કાવ્ય રજૂ કરી તેને પહેલો નંબર આપવામાં આવ્યો હતો.

બધાને આ સ્પર્ધૉમાં ખૂબજ મજા આવી અને આનંદથી બધાએ ભાગ લીધો. છેલ્લે પ્રથમ નંબર આવેલ વિધાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહીત કર્યા.











RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad. All articles have been selected and scrutinized by the Chief Editor Ms Hemangini Rajput, The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386